
'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

|| ૬ ||




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સૉંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

॥ ૬ ॥


પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❊ આચાર્ય હેમપ્રભસૂરિ

**PARAM BHADRANKAR SHRI NAVKAR**

Personal Diaries comprising of Divine thoughts regarding Shri Navkar Mahamantra and experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

**VOLUME - 6**

Year 2023 • સંવત્ ૨૦૭૯ • 500 Copies / 124 Pages • For Private Circulation only.

---

**PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust

Mumbai / Vadodara / Rajkot

team@mindfiesta.com

---

**SPONSOR**

---

**ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

**eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra




પરમ કૃપાળુ પરમાત્માના શુભ ભાવોથી ભાવિતાત્મા અધ્યાત્મયોગસંપન્ન પરમ પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીએ નમસ્કાર મહામંત્ર ઉપર જે અનુપ્રેક્ષાઓ કરી છે, તે અદ્વિતીય છે, જે વાંચન-ચિંતન-મનન કરવા મળી છે, તો જોઈએ એક ચિંતન, જે ભાવો નમસ્કાર મહામંત્રના સ્વાધ્યાયથી જ અનુભવી શકાય:

'ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળમાં જે જીવો સંસાર કે મોક્ષના સુખ પામ્યા છે, પામે છે અને પામશે, તેની પાછળ તીર્થંકર પરમાત્માની પુણ્યપ્રકૃતિ તથા તેનું ઉપાર્જન કરાવનાર પરોપકારવૃત્તિ તથા તેના કારણરૂપે કૃતજ્ઞતાભાવ જ કારણભૂત છે. કૃતજ્ઞતાગુણથી ફલિત પરોપકારભાવ જ્યાં વર્તે છે, ત્યાં તીર્થંકરત્વ જ ગુણરૂપે કાર્ય કરે છે. તત્ત્વતઃ કૃતજ્ઞતા અને પરોપકારભાવ જ તીર્થંકરત્વ છે અને તેનાથી જ પુણ્યાનુબંધી પુણ્ય તથા તેનાં ફલસ્વરૂપ સંસાર ને મોક્ષના અવ્યાબાધ સુખ રહેલાં છે. એટલે સર્વત્ર તીર્થંકરદેવના ધર્મનો અને જિનેશ્વરદેવના શાસનનો જ પ્રભાવ અવિચ્છિન્નપણે વર્તી રહ્યો છે.' આવા અપૂર્વ ભાવોથી ભરપૂર આ નાનકડી આવૃત્તિ માટે કૃતજ્ઞ છીએ ગુરૂભગવંતના ભક્તાત્મા **સી.કે.મહેતાના**, જેમણે આ સંપૂર્ણ ગ્રંથાવલીનો પરમ આદર સહ આર્થિક લાભ લીધો છે અને આ ભાવોને ગ્રંથસ્થ કરવાનો શ્રમ લઈ અમારા **ભારતીબેન દિપકભાઈ મહેતા** આ અનુપમ ગંગોત્રીનું સાનંદ અવતરણ કરાવી રહ્યાં છે, જેના ૯ જેટલાં ભાગ થશે. હવે તો મહામંત્રનું શરણું એ જ કલ્યાણ!

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





## નવકાર મહામંત્ર સમજાવે છે કે:

જીવ એજ જિન અને જિન એજ જીવ છે. જીવમાં સત્તારૂપે જિનપણું છે, તે જ જિનેશ્વરમાં વ્યક્ત થયું છે. જે મૂળમાં છે, તે જ છેવટે ફળમાં આવીને પ્રગટ થાય છે. આ પ્રમાણે અપેક્ષાએ મૂળને અને ફળને એક માનનાર આત્મા ઘણા સહેલાઈથી પોતાનું સ્વરૂપ પ્રગટ કરી શકે છે.

## નવકારથી એવો અનુભવ થાય છે કે પ્રભુ જાણે:

(૧) ચક્ષુ વડે સામે દેખાતાં હોય.

(૨) હૃદયમાં પ્રવેશ કરતાં હોય.

(૩) મધુર આલાપ કરતાં હોય.

(૪) સર્વ અંગોમાં અનુભવાતાં હોય.

(૫) તન્મયતાને પામી જતાં હોય.

શુદ્ધ પ્રતીતિધરને ધારણા - ધ્યાનના બળે
શ્રી જિનેશ્વરનું બિંબ હૃદયમાં પ્રત્યક્ષ અનુભવાય છે.

અરિહંતને જે જાણે છે,
દ્રવ્ય - ગુણ - પર્યાયથી તે આત્માને જાણે છે.

## નવકારની ચૂલિકાના પદોનો રહસ્યાર્થ

અરિહંતાદિ પંચ પરમેષ્ઠિઓમાં ત્રણ કરણ અને ત્રણ યોગ વડે આત્માનો દ્રવ્ય અને ભાવસંબંધ થવાથી પાપનો આસ્રવ અટકી જાય છે. એ ચૂલિકાના પ્રથમ બે પદોમાં દર્શાવેલું ફળ છે અને આત્મામાં પરમેષ્ઠિઓનો દ્રવ્ય અને ભાવસંબંધ થવાથી ચૂલિકાના છેલ્લાં બે ચરણોમાં કહેલું મોટું પ્રધાનમંગળના લાભરૂપી ફળ છે. આત્મામાં પરમેષ્ઠિઓનો દ્રવ્યસંબંધ એટલે દ્રવ્યથી સમાનતા અને ભાવસંબંધ એટલે ભાવથી સમાનતા.

## સિદ્ધ ભગવંતોની નિષ્ક્રિયતા

કુશળ તરવૈયો પાણીની સપાટી ઉપર નિષ્ક્રિયની જેમ પડ્યો રહે છે, હાથ-પગ પછાડતો નથી, એનો અર્થ એ નથી કે તે કાંઈ જ કરતો નથી. તે પુરુષાર્થ એટલો સૂક્ષ્મ પ્રકારનો હોય છે કે જેથી સ્થૂલ આકાર જ ગુમાવી દે છે.

'પુરુષાર્થ' એટલે આ જાતની નમ્રતા,
નિરાભિમાનતા, સ્વાત્મ વિસર્જનશીલતા.

# ધર્મધ્યાનનાં ચાર પાયા

મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ.

ઘાતીકર્મરહિત તે અરિહંત, આઠ કર્મરહિત તે સિદ્ધ,
પંચાશ્રવરહિત તે સાધુ અને ૧૮ પાપસ્થાનરહિત તે ધર્મ.
નમસ્કાર મંત્રનો ધ્યાતા જ્યારે પંચપરમેષ્ઠિનું ધ્યાન કરે,
ત્યારે પ્રથમ તેને ગ્રાહ્ય સમાપત્તિ થાય છે, પછી
ગ્રહણ સમાપત્તિ અને છેલ્લે ગૃહિત સમાપત્તિ થાય છે.
એમ 'નમો અરિહંતાણં' પદમાં પણ એ રીતે
ગૃહિત, ગ્રહણ અને ગ્રાહ્ય સમાપત્તિ ઘટાવી શકાય છે.
'ઇસો પંચ નમુક્કારો' એ પદોથી
ધ્યાતા ધ્યાનાવેશમાં આવે છે, તેથી પાપનાશ થાય છે,
પછી જ્યારે ધ્યેયાવેશમાં આવે છે,
ત્યારે સર્વ મંગળોમાં પ્રધાન મંગલ સ્વરૂપ બને છે.
પ્રથમ ધારણા પાંચ પદોના નમસ્કારથી કેળવાય છે,
છઠ્ઠા પદ વડે ધ્યાન સુદૃઢ બને છે અને
છેલ્લે નવમા પદમાં તો સમાધિ અવસ્થા સૂચવાય છે.

## નવકાર મંત્ર શેનો બનેલો છે?

V.V. Imp.

ચૂલિકા એ માર્ગ છે.

આચાર્યાદિ ત્રણ પદો એ દ્વાર છે અને
પ્રથમ બે પદો એ સાર છે.
એ રીતે માર્ગ, દ્વાર અને સાર -
એ ત્રણ મળીને નવકાર મંત્ર બનેલો છે.
માર્ગ = ધર્મ, દ્વાર = ગુરુ, સાર = દેવ.

## નવકાર મંત્ર અને યોગ

નવકાર મંત્રના પ્રથમ પાંચ પદોથી ધારણા બંધાય છે,
પછીના બે પદો વડે ધ્યાન થાય છે અને
છેલ્લા બે પદો વડે સમાધિ અનુભવાય છે.
નવે પદો મળીને ત્રણેની એકતારૂપ સમાપત્તિ થાય છે.
એ સમાપત્તિ વડે આપત્તિ પછી સંપત્તિ અનુભવાય છે.
વિષયપ્રતિભાસ = પ્રથમ પાંચ પદો.
આત્મપરિણતિમત્ = છઠ્ઠું તથા સાતમું પદ.
તત્ત્વસંવેદન = આઠમું તથા નવમું પદ.

નવકારના પ્રથમ પાંચ પદો નૈગમસંગ્રહનો વિષય છે, પછીના બે પદો ઋજુસૂત્ર નયનો વિષય છે અને છેલ્લા બે પદો શબ્દાદિ ત્રણ નયનો વિષય બનીને પ્રધાન - સર્વોત્કૃષ્ટ મંગળ થાય છે, નવે પદો મળીને પ્રમાણનો વિષય બને છે. સમજવું એ જ્ઞાન, ઝૂકવું એ દર્શન અને આચરવું એ ચારિત્ર - ત્રણે ક્રમશ: થાય છે.

આગમ દૃષ્ટિએ નમસ્કાર મહામંત્રમાં
વિનયગુણનું પાલન છે અને વિનય એ ધર્મવૃક્ષના મૂળનું સિંચન છે તથા ધર્મનગરના પ્રવેશનું દ્વાર છે.
તે ધર્મપ્રાસાદ અને ધર્મમહેલનો મજબૂત પાયો છે.

મંત્રદૃષ્ટિએ નમસ્કારના વર્ણો
પરમ પવિત્ર છે, પવિત્ર પુરુષોના મુખમાંથી નીકળેલા છે
અને પરમ પવિત્ર એવા પરમેષ્ઠિ પદને પમાડનારા છે.

'મારું સત્ય સ્વરૂપ શું છે ? મારું કર્તવ્ય શું છે ?'
આ ભાવનાની વારંવાર વિચારણા કરવાથી
સમ્યગ્જ્ઞાન અને ચારિત્રનો ઉદય થાય છે.

# નમસ્કાર મહામંત્રની ભાવના

નમસ્કાર મહામંત્રની આરાધના અચિન્ત્ય પ્રભાવશાળી છે.
તેમાં ધર્મપ્રશંસા અને ધર્મપ્રશંસાની પણ પ્રશંસા છે.

ધર્મપ્રશંસા તે બોધિ છે અને
ધર્મપ્રશંસાની પણ પ્રશંસા તે બોધિબીજ છે.

નમસ્કાર મંત્ર વડે વિનયગુણનું પાલન થાય છે તથા
સંયમ - તપધર્મને આરાધનારાઓનું બહુમાન થાય છે.
નમસ્કાર મહામંત્ર વડે રત્નત્રયધરોની ભક્તિ અને
સંસારના ત્યાગીઓનું બહુમાન થાય છે.

નમસ્કાર મહામંત્ર વડે મોક્ષ, મોક્ષમાર્ગ ઉપરાંત
મોક્ષમાર્ગના આરાધકો પ્રત્યે આદર કેળવાય છે અને
સંસાર, સંસારના હેતુ અને તે હેતુના પણ હેતુઓ
પ્રત્યે અનાદર અર્થાત્ ઉપેક્ષા કેળવાય છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ભવઅટવામાં અતિ દુર્લભ છે,
તેનું અનન્ય સાધન નમસ્કાર મહામંત્રની આરાધના છે.
નવકાર એ જ્ઞાન, ક્રિયા અને ભક્તિનો સમુચ્ચય છે.

## શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ સૌ પ્રથમ શા માટે?

શ્રી નમસ્કાર મહામંત્ર પ્રથમ મંગળ છે માટે.
પરમેષ્ઠિ ભગવંતોને નમન કરવાનો મુખ્ય હેતુ એ છે
કે નમનીયમાં જે ગુણો પ્રગટ્યાં છે, તેવા જ ગુણો
પોતાનામાં અપ્રગટપણે રહેલાં છે, તેને ભક્તિસહિત
વિધિપૂર્વક નમન કરતાં પોતાનામાં તે ગુણો પ્રગટ થાય.

એક મનુષ્ય બીજા ભલા મનુષ્યને નમે છે,
ત્યારે તે મનુષ્યમાં રહેલ માત્ર આકૃતિને નમતો નથી,
પરંતુ તે આકૃતિની પાછળ રહેલાં ગુણોને નમે છે,
તેમ ગુણવાન પુરુષોના નમસ્કારમાં પણ તેમના
નામ અને આકૃતિ દ્વારા તેમનામાં રહેલ
સ્વતંત્રતા, શીલ, સામર્થ્ય આદિને નમવામાં આવે છે.
પંચ પરમેષ્ઠિમાં સમત્વભાવ પૂર્ણપણે વિકસેલો છે અને
પોતાનામાં તે અવિકસિત છે, તેને પૂર્ણપણે
વિકસિત કરવા માટે તેમનું અવલંબન લઈને
પંચ પરમેષ્ઠિ નમસ્કારની ક્રિયા કરાય છે.

# નમસ્કાર મહામંત્રનું સતત સ્મરણ

નમસ્કારમાં ઉત્કૃષ્ટ સ્થાને બિરાજમાન પંચપરમેષ્ઠિઓને નમન કરતી વખતે તેમના જેવા જ ગુણો પ્રગટ કરવાની ભાવના પુષ્ટ થાય છે, તેથી પાપવૃત્તિઓનો નાશ અને મંગળભાવોની ઉત્પત્તિ થાય છે, પરિણામે સંસારના ત્રિવિધ તાપોથી નિવૃત્તિ અને અવ્યાબાધ - અનંત - અક્ષય સુખોની પ્રાપ્તિ થાય છે. કારણનો નાશ થયે કાર્યનો નાશ સહજ બને છે. સર્વ પ્રકારનાં દુઃખોનું કારણ પાપ છે. પાપના નાશથી દુઃખનો પણ સંપૂર્ણ નાશ થાય છે.

શુદ્ધ ઉચ્ચાર, શુદ્ધ વિચાર અને શુદ્ધ ભાવ - એમ ત્રિવિધ વિધિથી થતું નમસ્કાર મહામંત્રનું સ્મરણ સંવેદનાત્મક અને ભાવાત્મક બની જવાથી સંપૂર્ણ દુઃખોનો સર્વથા નાશ કરે છે, સર્વ પાપનો નાશ કરીને સર્વ પ્રકારના મંગળો, પુણ્યો, સુખોને પ્રાપ્ત કરાવે છે. તે supreme felecity or bliss or highest happiness પ્રાપ્ત કરાવે છે.

નવકારના સેવનથી મનુષ્યજન્મનું ઉત્તમોત્તમ
સાધ્ય એવું Summum Bonum પ્રાપ્ત થાય છે.
પાંચ મહાન - આદર્શ આત્માઓનું સ્મરણ, મનન, ચિંતન,
નિદિધ્યાસન અને ધ્યાન આત્મરાજ્યની પ્રાપ્તિ કરાવે છે.
સાધક અલ્પજ્ઞ છે, સાધ્ય સર્વજ્ઞ છે. સાધન ઉભયમાં છે.
સાધક - સાધ્યમાં તફાવત માત્ર ગુણોના વિકાસમાં છે.

શબ્દના ઉચ્ચારણની સાથે અર્થનો વિચાર થાય,
તો જ ભાવમાં પ્રવેશ થઈ શકે છે.

શબ્દ એ વાચક છે, અર્થ એ વાચ્ય છે.
જેમ વાચકના વાચ્ય સાથે અભેદભાવથી પ્રકાશ તરંગોરૂપે
બહાર આવે છે, તેમ વ્યંજન એટલે શુદ્ધ શબ્દ,
અર્થ એટલે શુદ્ધ પદાર્થ અને તદુભય એટલે
તે બન્નેના સંબંધથી પ્રગટ થતો વિચાર - એ ત્રણે
એકત્ર થવાથી ઉદાહરણ રૂપ પ્રકાશ પ્રગટ થાય છે.
સતત સ્મરણ, સેવન, આરાધન કરવા વડે નમનીયમાં
રહેલાં ગુણો નમનારમાં શનૈઃ શનૈઃ પ્રગટ થતાં જાય છે.

સર્વશ્રેષ્ઠ વિશ્વમૈત્રી પાંચે પરમેષ્ઠિ ભગવંતો છે,
આ વિશ્વમૈત્રીઓ પ્રત્યેનો અવિનય અથવા અનાદર
એ અપ્રેમ અને દ્વેષભાવનું ચિહ્ન છે.
વિશ્વપ્રેમ અને વિશ્વમૈત્રી - ઉભય પ્રત્યે દર્શાવાતો
પ્રેમ એ નવકાર છે, તેથી પંચ નમસ્કાર પ્રત્યેનો આદર
સર્વ જીવોનો રક્ષક છે તથા સર્વ સુખોનો ઉત્પાદક છે.
જ્યારે તેના પ્રત્યેનો અનાદર સ્વસુખનો જ ભક્ષક છે,
તેથી સર્વના સુખ માટે અને પોતાના સુખ માટે પણ
શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના અનિવાર્ય છે.
વિશિષ્ટ ગુણપાત્ર વ્યક્તિવિષયક પ્રેમ પણ
શુભ અધ્યવસાય મહાફળને આપનારો થાય છે.
નવકારના ૬૮ અક્ષરોને ત્રાજવાના એક પલ્લામાં મૂકાય
અને સમગ્ર વિશ્વના અન્ય પદાર્થો બીજા પલ્લામાં
મૂકાય, તો પણ નવકારના અક્ષરોનું પલ્લું નીચું જ રહે.
નવકારના ૬૮ અક્ષરો = અરિહંતોનો શાશ્વત શબ્દદેહ.
આ અક્ષરદેહની આરાધના વડે શું પ્રાપ્ત ન થાય?

પ્રથમ પદમાં રહેલા અરિહંતના પ્રથમ અક્ષર 'અ'ની
તુલનામાં પણ વિશ્વના સમગ્ર પદાર્થો ન આવી શકે,
કેમકે તે શ્રી અરિહંતનો 'અ' છે.

નામમાં સત્ય છે, નમસ્કારમાં તત્ત્વ છે.

નમસ્કાર દ્વારા નમસ્કાર્ય અને નમસ્કારકર્તા વચ્ચે
રહેલાં વ્યવહારથી મહદ્ અંતરનો સ્વીકાર છે અને
નિશ્ચયથી લેશમાત્ર અંતર નથી, તેનો પણ સ્વીકાર છે.
નમસ્કાર્ય અને નમસ્કારકર્તાને જોડનાર નમસ્કાર છે.
સ્વવિષયક દુઃખદ્વેષ અને સુખરાગ ટળીને જ્યારે
સર્વવિષયક બને છે, ત્યારે તે ભવભ્રમણનું કારણ મટી
ભવભ્રમણને હરનાર થાય છે. દુઃખદ્વેષ કે સુખરાગ ટાળી
શકાતો નથી પણ સ્વમાંથી સર્વમાં વાળી શકાય છે.
રાગદ્વેષને માત્ર ખરાબ માનવાથી તેનો અંત આવતો નથી
તેનો વિષય પલટવાથી, અપ્રશસ્ત ઉપરથી પ્રશસ્તમાં
લઈ જવાથી તેનો સ્વરૂપથી અંત લાવી શકાય છે.
સ્વવિષયક રાગાદિ સર્વને છે તથા અનાદિકાળથી છે.

શ્રી નવકાર મંત્ર એ
પંચ પરમેષ્ઠિ ભગવંતોની શબ્દમય પ્રતિમા છે.
'વિશ્વમાં સર્વ જીવો સુખ પામો'
એ ભાવિના દુઃખના અનુભવમાંથી મુક્ત થવાનો માર્ગ છે.

નવકારજપથી શ્વાસોચ્છ્વાસની ગતિ નિયમિત થઈ જાય
અને પ્રત્યાહાર સ્વાભાવિક બને છે.

પ્રત્યાહાર, ધારણા, ધ્યાન વગેરે યોગના સર્વ અંગોનો
સમાવેશ વિધિપૂર્વક નવકારના જાપ વડે થઈ જાય છે.

સ્વાનુભવનાં મહાસુખો તર્ક વડે નહિ, આરાધના વડે જ
સમજાય છે. આધ્યાત્મિક દરિદ્રતાને દૂર કરવા માટે
નવકાર મંત્ર એ પારસમણિ છે, અક્ષય નિધાન છે.

તીવ્ર સંક્લેશવાળા જીવને મંદ સંક્લેશવાળા
કરવાનો ઉપાય નિશ્ચયનયનું તત્ત્વજ્ઞાન નહિ, પરન્તુ
સદ્વ્યવહાર અને તે માટેનું આવશ્યક તત્ત્વજ્ઞાન છે.
એકાંત નિશ્ચયવાદીઓમાં કૃતજ્ઞતા ગુણ નાશ પામે છે,
કેમકે તેમની શ્રદ્ધામાં પરદ્રવ્યના કર્તૃત્વપણાનો નિષેધ છે.

# નવકારમાં નાદ, બિન્દુ, કલા

'નમો' એ નાદ છે, 'અરિહં' એ બિન્દુ છે અને 'તાણં' એ કલા છે. નાદ શુદ્ધ આત્મદ્રવ્યનો સૂચક છે, બિન્દુ એ કેવળજ્ઞાનાદિ આત્મગુણનું સૂચક છે અને તાણં એ શુદ્ધ આત્મા પર્યાયનું સૂચક છે.

નાદ વડે ધ્યાતા, બિન્દુ વડે ધ્યેય, કલા વડે ધ્યાનની સાથે એકતા સધાય છે. નાદ એ ઉપાદાન, બિન્દુ એ પુષ્ટ નિમિત્ત અને કલા એ ઉપાદેય છે.

પાંચે પદોનું ધ્યાન નાદ, બિન્દુ, કલારૂપે થઈ શકે અને એ ધ્યાનની તન્મયતા જેમ જેમ વધતી જ જાય, તેમ તેમ એ ત્રણેથી અતીત એવા શાન્ત અને શાશ્વત અક્ષય આત્મજ્યોતિનો અનુભવ થાય છે.

સંહારક્રમમાં નાદથી બિન્દુ ઉપર અને બિંદુથી કલા ઉપર તથા અંતે કલાતીત અવસ્થાએ જવાય છે.

સૃષ્ટિક્રમમાં કલાથી બિંદુ ઉપર અને બિન્દુથી નાદ ઉપર અને નાદથી સમગ્ર સૃષ્ટિનું સર્જન થાય છે.

## મંત્રવિજ્ઞાનનું છેવટનું રહસ્ય

સાત અક્ષરના 'નમો અરિહંતાણં' મંત્રથી
ધ્યાતાને ધ્યેયમાં ધ્યાન વડે જોડી શકાય છે અને
તેને પરિણામે ધ્યાતા સ્વયં ધ્યેયરૂપ બની જાય છે.
એ નાદ - બિન્દુ - કલાના ધ્યાન વડે સિદ્ધ થઈ શકે છે.
ધ્યાતાનું ધ્યેયસ્વરૂપ બનવું એટલે નાદ, બિન્દુ, કલાથી
અતીત થવું છે. મંત્રવિજ્ઞાનનું આ છેવટનું રહસ્ય છે.

'અર્હં એ શબ્દબ્રહ્મ છે' તેનો અર્થ છે કે...

તે સક્રિય અને શાશ્વત most dynamic
તત્ત્વસેતુ રૂપ બનીને ધ્યાતાને અર્થાત્ મુમુક્ષુને
મુક્તિ અને બુભુક્ષુને ભુક્તિ પણ તે જ આપે છે.
લૌકિક દૃષ્ટિએ અરિહંતનું ધ્યાન ભુક્તિદાયક છે અને
પારલૌકિક દૃષ્ટિએ થતું તે જ ધ્યાન મુક્તિદાયક બને છે.
કેવળ મોક્ષ માટે થતું અરિહંતનું ધ્યાન પણ
મોક્ષ ન અપાવે, ત્યાં સુધી સંસારના
પણ ઉત્તરોત્તર ચઢિયાતાં સુખોને આપનાર થાય છે.

'અરિહં' એ સેતુ છે, બિંદુ છે, શાસ્ત્રતત્ત્વ છે ઉપરાંત
સમગ્ર વિશ્વનું તે નિયામક છે.

દરેક જીવમાં અંતર્યામીરૂપે રહીને તેને નિયમમાં રાખે છે.
એ દૃષ્ટિએ તે વિશ્વનું કેન્દ્ર છે, તેની ધરી ઉપર જ
વિશ્વ ગતિ કરી રહેલ છે. એ કેન્દ્રની જેટલાં નજીક
જવાય, તેટલાં જવું એજ ધર્મની સાધનાનો પાયો છે.
એ કેન્દ્રથી જેટલાં દૂર, તેટલું ભવભ્રમણ અધિક અને
એ કેન્દ્રથી જેટલાં નજીક, તેટલું ભવભ્રમણ મર્યાદિત.
નવકારના પાંચે પદોમાં કેન્દ્ર દ્વારા ઉર્ધ્વગમનનો પ્રયત્ન છે,
ચૂલિકામાં કેન્દ્રમાં સ્થિરતા થવાથી મળતાં ફળનું વર્ણન છે.
પંચ નમસ્કાર એટલે પાંચની સાથે સધાતી સમાપત્તિ.

નમસ્કારનો અંતિમ અર્થ જ સમાપત્તિ અર્થાત્
ધ્યાન દ્વારા થતી સ્પર્શના છે.

'ૐ અર્હં નમઃ ।' એ મંત્રમાં પણ
એ રીતે નાદ, બિંદુ અને કલાનું ધ્યાન અને
તે વડે કલાતીત અવસ્થાની પ્રાપ્તિ છે.

મૌન પ્રશ્ન: ૐ પોષ સુદી 3, સોમ

શ્રીમદ્ દેવચંદ્રજી કૃત 'વિચારરત્નાકર'માંથી પ્રશ્ન - ૨૦૬:
આચાર્ય મહારાજ આત્મસ્વરૂપ પંચપ્રસ્થાન ધ્યાવે એટલે શું?

ઉત્તર : ધ્યાનની પાંચ અવસ્થા સાધવામાં સાવધાન આચાર્ય ભગવંત જે પંચ પદ આરાધે છે, તેના નામ:

(૧) આનંદ = અરિહંતનું ધ્યાન.

(૨) અતરક્ષ = સિદ્ધનું ધ્યાન.

(3) અહમિન્દ્ર = આચાર્યનું ધ્યાન.

(૪) તુલ્ય = ઉપાધ્યાયનું ધ્યાન. (૫) કલ્પ = સાધુનું ધ્યાન.

તે સમાન અવસ્થાઓ પંચ પ્રસ્થાનમય આચાર્યજી છે.

દાન સાથે જપ કરાવે, તો મનશુદ્ધિ થશે. પ્રભુદર્શન ધ્યાન ઈ. નવકાર જપ વિના જીવન સુધરતું નથી.

જીવને પાપ કરવાની ટેવ અનંત જન્મોની છે, એથી છૂટવું હોય તો શાંતિથી બેસીને નવકારનો જપ કરો.

પ્રભુના કોઈપણ નામ સાથે

ખૂબ પ્રેમપૂર્વક જપ કરવાનું રાખશો, તો જ પાપ છૂટશે.

Super Important

શ્રી નમસ્કાર મહામંત્ર - પરમ આલંબન

'ઇષ્ટ' એટલે ઇચ્છાનો વિષય અને
તેની પૂર્તિ કરાવનાર પંચ પરમેષ્ઠિ છે.

મુમુક્ષુઆત્માની ઇચ્છાનો વિષય આત્મમુક્તિ હોય છે,
તેની પૂર્તિ કરાવવાનું સામર્થ્ય સ્વયં જેમણે મુક્તિ
મેળવીને એ મુક્તિ મેળવવાનો માર્ગ દર્શાવ્યો છે, તેમને
તથા તે માર્ગે ચાલનાર સર્વ પુણ્ય પુરુષોનું આલંબન છે.
એ આલંબન શ્રી નમસ્કાર મહામંત્ર પૂરું પાડે છે, તેથી
તેને ત્રિકરણ યોગે સમર્પણ કરવું - સમર્પિત થઈ જવું,
એ જ એક વિવેકી એવા માનવજન્મનું પરમ ફળ છે.

જેને નમસ્કાર મંત્ર મળ્યો છે, તેને
મોક્ષ, મોક્ષમાર્ગ, બોધિ, સમાધિ અને સિદ્ધિ હથેળીમાં છે.

સંસારમાં પણ તે જીવ સદ્ગતિની પરંપરા વડે
ઉત્તરોત્તર પરમ ઉન્નતિ સાધે છે.

'નમસ્કાર મંત્ર વડે સર્વ પાપનો નાશ થાય' તેનો અર્થ
અનર્થકારી એવા પુદ્ગલની મમતાનો નાશ થાય છે.

# આત્માના સાચા માતા - પિતા કોણ ?

નમસ્કાર એ માતા છે, માટે
તેના ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ જોઈએ.
પરમેષ્ઠિ ભગવંતો એ પિતા છે, માટે
તેમના ઉપર ભક્તિ અને બહુમાન જોઈએ.
શ્રદ્ધા અને વિશ્વાસ એ માતાના સ્થાને છે,
ભક્તિ અને બહુમાન એ પિતાના સ્થાને છે.
માતા સાક્ષાત્ ઉપકારક છે, પિતા પરંપરાએ ઉપકારક છે
અર્થાત્ માતાને ઉપકાર કરવા દ્વારા પિતા પોતાના
પુત્રને ઉપકાર કરવામાં નિમિત્ત થાય છે.
નમનાર માંગતો નથી, નમનાર શોધતો પણ નથી,
નમનાર તો માત્ર ખોબડાવે છે અને તેને
ન ચિન્તવેલું, ન ઇચ્છેલું પણ સહેજે આવીને મળે છે.
ક્યારેય કાંઈ ન માંગો અને સર્વસ્વ મળશે.
સર્વસ્વ આપવાથી સર્વસ્વ મળે છે.
નમસ્કારમાં મન - વચન - કાયા, એમ ત્રણેનું દાન છે.

## ન માંગો ઈડરનું આપે...

ભગવાનની પાસે માંગવાથી મળે, એ પ્રથમ પગથિયું છે.
શોધવાથી મળે, એ બીજું પગથિયું છે અને
ખખડાવાથી મળે, એ ત્રીજું પગથિયું છે.
નવકારમાં માંગવાનું નહિ,
શોધવાનું પણ નહિ, માટે તેમાં માત્ર ખખડાવાનું છે.
માંગો અને મળે, તેમાં માગનારની માંગણીમાં અધુરાપણું,
અજ્ઞાન, અણસમજ અને ગેરસમજ પણ રહેલી છે.
નવકાર એ સર્વશ્રેષ્ઠ પ્રાર્થના છે, સર્વશ્રેષ્ઠ પ્રત્યે
પ્રાર્થના છે તથા સર્વશ્રેષ્ઠ થવા માટેની પ્રાર્થના છે.
'નમો' એ ગુણરાગનું પ્રતીક છે અને
ગુણનો રાગ એ અંતરાત્મભાવને લાવનાર છે તથા
ગુણનો દ્વેષ એ અંતરાત્મભાવમાં અંતરાય છે અને
બહિરાત્મભાવનું પ્રતીક છે.
મન-વચન-કાયા વડે થતું સર્વશ્રેષ્ઠ દાન સન્માનનું છે.
તે ત્રણે ઉપર પોતાની માલીકીનું વિસર્જન છે.

## 'નમો' એ શેનો શેનો મંત્ર છે ?

'નમો' એ જ્ઞાન - દર્શન - ચારિત્રનો મંત્ર છે.
દેવ - ગુરુ - ધર્મની ભક્તિનો મંત્ર છે.
મન, પ્રાણ અને ઇંદ્રિયને વશ રાખવાનો મંત્ર છે.
રાગ - દ્વેષ અને મોહને જીતવાનો મંત્ર છે.
તે દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદના - શરણાગમનનો મંત્ર છે.
તે સત્ - ચિત્ - આનંદનો મંત્ર છે.
તે પૂર્ણ ઉત્કૃષ્ટ બિંદુ તરફ જવાનો મંત્ર છે.
નવકાર એ ચિત્તશુદ્ધિ માટેનો આધ્યાત્મિક પ્રયોગ છે,
સામાયિક વચન - કાયાશુદ્ધિનો આધ્યાત્મિક પ્રયોગ છે.
નવકાર વડે યોગની વિશુદ્ધિ થાય છે,
સામાયિક વડે યોગની સ્થિરતા સધાય છે.
નવકાર સહિત સામાયિક એ દ્રવ્ય - ગુણ - પર્યાયથી
જીવરાશિ સાથે એકતાનું અનુસંધાન કરાવી આપનાર
સમાપત્તિરૂપ ધ્યાન છે, તે સ્થિર થતાં જ તેમાંથી
સમાધિ અને સુગતિ રૂપ ફળો ઉત્પન્ન થાય છે.

નવકાર વડે ત્રણ પ્રકારની ચેતના અર્થાત્
કર્મ, કર્મફળ અને જ્ઞાનચેતનાની વિશુદ્ધિ થાય છે.

'નમામિ સવ્વ જિણાણં, ખમામિ સવ્વ જીવાણં ।'

આ મંત્ર રોજ બોલવો, જેનો અર્થ છે:

આજ પર્યંત થયેલ સર્વ તીર્થંકરોને હું નમન કરું છું
તથા ચૌદ રાજલોકમાં સ્થિત સર્વ જીવોને ખમાવું છું.

સુખ - દુઃખને ખમવાની, રાગ-દ્વેષને દમવાની અને
જ્ઞાન - દર્શનને નમવાની પ્રક્રિયા નવકારથી સધાય છે.
કર્મવિપાકચિંતનથી સુખ - દુઃખ ખમવાની શક્તિ તથા
શત્રુ - મિત્ર ઉભય ઉપર સમાન સદ્ભાવ રાખવાથી
રાગ-દ્વેષને દમવાની શક્તિ આવે છે.

'જ્ઞાન - દર્શન એ આત્માનો સ્વભાવ છે'
એમ વિચારવાથી તેને નમવાનો ભાવ પ્રગટે છે.

શાસ્ત્રોનો સાર, ચૌદ પૂર્વોનો ઉદ્ધાર અને
સકલ આગમોનો રહસ્યભૂત મંત્ર નવકાર જ છે. તે
રાગ - દ્વેષનો વિરોધી અને સમતાનો પોષક મંત્ર છે.

## તત્ત્વત્રયી દ્વારા 'નમો'ની ઉપાસના

(૧) દેવ = પ્રકૃતિના સાધક અને સિદ્ધની ઉપાસના.
(૨) ગુરુ = પ્રકૃતિના સાધક. (3) ધર્મ = પ્રકૃતિસિદ્ધ.

'નમો' એ આજ્ઞાપાલન સ્વરૂપ છે.

નમો પદ વડે દાસત્વ દર્શાવાય છે. દાસની બધી ક્રિયાનું કર્તૃત્વ તથા તેના ફળનું ભોક્તૃત્વ સ્વામીનું - માલિકનું છે. માલિક અરિહંત પરમાત્મા છે, તેથી રત્નત્રયીની કથાની ઉત્પત્તિ અરિહંતોથી છે. જે કાંઈ શુભ ક્રિયા થાય છે, તેમાં સીધી યા આડકતરી પ્રેરણા તેઓની રહેલી છે, તેથી તે ક્રિયા અને તેનું ફળ તેમને અર્પણ કરવાનું રહે છે, કેમકે તેમાં મુખ્ય હેતુ અરિહંતો જ છે.

પંચ પરમેષ્ઠિ ઉપરના નમસ્કારભાવથી પરાર્થભાવ અને વૈરાગ્યભાવ બંને સ્થિર થાય છે.

મનની પ્રસન્નતા અને સ્થિરતાને વિકસાવનાર
પરમેષ્ઠિ ભગવંતોમાં રહેલ
મૈત્રી અને વૈરાગ્યને વારંવાર વંદન છે.

નમો = મસ્તક નમાવવું એટલે મનને નમાવવું,
મનના રાગ-દ્વેષને નમાવવા, મનને અરિહંતને સોંપી દેવું,
મનની ઈચ્છાઓ, વાસનાઓ અને તૃષ્ણાઓને નમાવવા.
અરિહંત = શુદ્ધાત્મા સ્વરૂપના વીતમોહ રહિત કરવું.
માત્ર અરિહંતના જ્ઞાનાદિ શુદ્ધ ગુણોને નમવું અને
મનને ન નમવું, મનઃકલ્પિત જગતને મિથ્યા માનવું.

દ્રવ્યનમસ્કાર એટલે... જે નમસ્કાર
વચન અને કાયાથી થાય પણ મનથી ન થાય તે.

ભાવનમસ્કાર એટલે...
મનની ઉપર રહેલ આત્માને સર્વસ્વ તરીકે સ્વીકારવો.
મનથી થાય તે ભાવનમસ્કાર - મનમાં જગતની અન્ય
વસ્તુઓ કરતાં શુદ્ધાત્માનું અધિક મૂલ્યાંકન કરવું તે.
બુદ્ધિરૂપી ત્રાજવામાં એક બાજુ જગત અને બીજી બાજુ
જ્યાં અરિહંત પરમાત્મા છે, તે પલ્લું નીચું નમાવવું.
મન વડે બુદ્ધિમાં આત્મતત્ત્વની અધિકતા સહિત
સર્વોત્કૃષ્ટતાનો સ્વીકાર કરવો, તે નમસ્કાર પદાર્થ છે.

નિર્યુક્તિકાર મહર્ષિની દૃષ્ટિએ નમસ્કાર પદનો અર્થ એ છે કે મનથી આત્માના ગુણોમાં પરિણમવું, તદ્રૂપ થવું, તન્મય થવું, તેને જ સર્વસ્વ માનવું અને મનથી જેને અધિક માન્યું, તેને વચન અને કાયાથી પણ ગુણસ્તુતિ અને સમ્યક્ પ્રણામ વડે બહુમાન કરવું. મન - વચન - કાયાસંયોગે કરી આત્માના જ્ઞાનદર્શનાદિ ગુણોના મહિમાને સ્થાપન કરવો, તે જ ભાવનમસ્કાર છે.

## <u>તાત્ત્વિક નમસ્કારમાં શું વિશિષ્ટ છે?</u>

તેમાં આત્મા અને પરમાત્માની એકતાનું ભાવન છે.

'તત્ત્વથી અરિહંત પરમાત્માનો અને
જીવમાત્રનો શુદ્ધાત્મા અભિન્ન છે,
બંનેનું સ્વરૂપ એક જ છે, તેમાં લવલેશ ભેદ નથી'

એ શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વક એકત્વનું ભાવન કરવું, તે તાત્ત્વિક નમસ્કાર છે. 'अहं' એ દેહ છે, જ્યારે 'अर्हं' એ આત્મા છે. દેહની સતત ગુલામીથી છોડાવી આત્મગુણમાં જોડનાર પદ તે 'नमो अरिहंताणं' છે.

# રત્નત્રયની પ્રાપ્તિનો ઉપાય

ગુણોની પ્રાપ્તિ માટે ગુણીના નમસ્કાર અભીષ્ટ કહ્યાં છે. સંસારસાગર તરવાનું એકમાત્ર સાધન રત્નત્રય છે. રત્નત્રયગુણને - તેને ધારણ કરનાર પંચપરમેષ્ઠિઓને નમસ્કાર કરવા, તે રત્નત્રયની પ્રાપ્તિનો ઉપાય છે. પંચપરમેષ્ઠિઓ ગુણમય હોવાથી મૂર્તિમાન ગુણો જેવા છે, તેથી ગુણાર્થી ભવ્ય જીવોને પૂજવા યોગ્ય છે. રત્નત્રયની જેમ અરિહંતાદિ પરમેષ્ઠિઓ પણ મોક્ષના પરમહેતુ છે.

મોક્ષમાર્ગ તેમને સાધ્ય છે.

રત્નત્રય મોક્ષમાર્ગ છે, તેને બતાવનારા અરિહંતો છે. તેઓ સ્વયં મોક્ષ પામેલા હોવાથી મોક્ષાર્થીઓને પરમ પૂજ્ય છે. સિદ્ધો કૃતાર્થ હોવાથી અને અરિહંતોની જેમ જ્ઞાનાદિ ગુણમય હોવાથી પૂજ્ય છે. 'સિદ્ધોના અભાવે મોક્ષમાં અવિનાશીપણાંની બુદ્ધિ ન થાય તથા અભીષ્ટ એવા મોક્ષનગરનો આ જ્ઞાનાદિ રત્નત્રય રૂપ સન્માર્ગ છે' એવો નિશ્ચય પણ સિદ્ધોને ઉદ્દેશીને જ થાય છે.

ॐ નમઃ સિદ્ધં । સિદ્ધ પરમાત્મ ભગવંતો કેવા છે?

1) ત્રણ લોકના મસ્તક ભાગે રહેલાં.
2) સર્વને શુદ્ધ સ્વરૂપનો બોધ કરાવનારા.
3) ચિરબદ્ધ કર્મના ઈંધનનો ધ્વંસ કરનારા.
4) પરમ મંગળ એવા અવિનાશી પદને પમાડનારા.
5) પરમ મંગળ એવા આત્મતત્ત્વનો અનુભવ કરાવનારા.
6) પરમ મંગળ એવા અવિનાશીપણાને પ્રાપ્ત થયેલાં.
7) જીવોના સર્વ પ્રયોજનોને સિદ્ધ કરનારા કૃતકૃત્ય.
8) ભવ્ય જીવ આત્માઓને ગુણોની સિદ્ધિ કરાવનારા.

સવ્વસાહૂણં એટલે... કેવા સાધુ?

સ્થવિરકલ્પી - જિનકલ્પી, છદ્મસ્થ - સર્વજ્ઞ, ગીતાર્થ - અગીતાર્થ, અદ્યદિનદીક્ષિત - દેશોનપૂર્વકોટિ દીક્ષિતાદિ.

સાર્વ = સર્વ નયોથી વિશિષ્ટ અર્હદ્ધર્મ સ્વીકારનાર, સર્વ શુભ યોગોને સિદ્ધ કરનારા, અરિહંતોને આરાધનારા, શ્રેષ્ઠ અને સર્વ સાધુ ભગવંતો.

લોક = ઊર્ધ્વ, અધો અને તીર્છાલોકમાં રહેલાં સાધુ.

# અરિહંત અને સિદ્ધ

અરિહંત પરમેષ્ઠિ એજ સાચા મહાદેવ છે.
તેઓ મહાદેવ એટલે કે કાળનો નાશ કરનાર છે.
ત્રિપુર = રાગ, દ્વેષ, મોહનો ધ્વંસ કરનાર છે.
ત્રિનેત્ર = ત્રણે કાળને વિષય કરવારૂપ ત્રણ નેત્રોથી
સકલ પદાર્થોનો સાર જાણનાર છે.
ત્રિશૂલ = રત્નત્રયરૂપી ત્રિશૂલથી મોહાંધકાસુરને હણનાર છે.

## સિદ્ધ પરમેષ્ઠિ કેવા છે?

જે મુનિઓના પતિ છે, જેમણે દુર્નયોનો અંત કર્યો છે,
જેમને અવ્યાબાધ સુખ તથા શાંતિ સાથે સિદ્ધ થયું છે,
જેઓ નિષ્ઠિતાર્થ છે, સ્વરૂપપ્રતિષ્ઠ છે,
કૃતકૃત્ય છે અને અષ્ટકર્મનિર્મુક્ત છે,
તેઓ આઠ ગુણ સહિતના સિદ્ધ પરમેષ્ઠિ છે.
અરિહંતોને પાંચ કલ્યાણકોમાં
સર્વથી અધિક દેવેન્દ્રાદિકથી કૃત પૂજા પ્રાપ્ત થાય છે,
તે અઘાતી કર્મનો ઉદય છે, જે સિદ્ધોને નથી.

કર્મરૂપી અંજન અને દોષરૂપી કાલિમાથી રહિત છે,
માટે સિદ્ધ પરમેષ્ઠીઓ નિરંજન અને નિષ્કલ છે.
જેઓએ જ્ઞાન દ્વારા સંપૂર્ણ વિશ્વને વ્યાપ્ત કર્યું છે,
તેથી જ્ઞાનમાં જ સંપૂર્ણ લોક રહેવાના કારણે
વિશ્વરૂપતાને ધારણ કરે છે.
સિદ્ધ પરમેષ્ઠીઓએ મોહ, જ્ઞાન-દર્શન આવરણ અને
અંતરાયનો સમૂલ નાશ કર્યો છે, તેથી અનંતજ્ઞાન, દર્શન,
અનંતસુખવીર્ય અને અનંતદાન વગેરે પ્રાપ્ત કર્યા છે.
તેઓ ત્રણ લોકના મસ્તક ઉપર આરૂઢ છે,
સુખસાગરમાં નિમગ્ન છે, દુઃખોથી રહિત છે.
પુરુષાકાર હોવા છતાં ગુણોથી પુરુષ સમાન નથી, કારણકે
પુરુષ ઇંદ્રિયોના વિષયોને ભિન્નભિન્ન દેશમાં જાણે છે,
સિદ્ધો પ્રત્યેક પ્રદેશમાં બધા વિષયોને જાણે છે.
સિદ્ધો તોષરહિત હોવા છતાં સેવકજનને
કામવૃક્ષરૂપ છે, રોષરહિત હોવા છતાં
સ્વપરાઙ્મુખ જનોને કલ્પાંતકાળના કૃતાંત જેવા છે.

## અરિહંત નમસ્કાર શું કરે ?

અતિશયાત્મની અપેક્ષાએ

આઠે પ્રકારનાં કર્મ 'પાપ' કહેવાય છે.

પાતયતિ, હિતં પીબતિ ઇતિ પાપં ।

અરિહંતને કરેલો નમસ્કાર તે પાપોનો નાશ કરે છે.

નવકાર એટલે 'દીપ્ત', 'બુદ્ધ-જાગ્રત' 'પાવન' મંત્ર.

## 'દીપ્ત', 'બુદ્ધ-જાગ્રત' 'પાવન' મંત્ર એટલે શું ?

અભ્યંતર પરિકર નાદ - બિંદુ - કલા સહિત રહેલ છે.

એઓ મંત્રને 'દીપ્ત' કરે છે.

નાદ - બિંદુ - કલા એ મંત્રના ઉદ્દીપક છે.

મૂલાધારથી ક્રમશઃ ઊર્ધ્વગમન કરનાર મંત્રબળને 'બુદ્ધ - જાગ્રત' કહેવાય છે. ધ્યાન વડે કર્મમલનો નાશ કરનાર હોવાથી તેને 'પાવન' મંત્ર કહેવાય છે.

## મંત્રકાર્ય ક્યારે પ્રકટે ?

નાભિ - કંદ આદિ ચક્રોમાં મંત્ર અને આત્મશક્તિની એકતા સિદ્ધ થાય, ત્યારે મંત્રનું કાર્ય પ્રકટ થાય છે.

## આચાર્ય - ઉપાધ્યાય - સાધુ

મેરૂ સમાન નિશ્ચલ[1], પૃથ્વી સમ સહનશીલ[2], સાગર સમ ગંભીર[3], સિંહ સમ નિર્ભય[4] - નિર્ભીક, બાહ્યાંતર પરિગ્રહથી[5] રહિત, અનુગ્રહ - નિગ્રહ[6] - સંગ્રહમાં તત્પર, ચૌદ[7] વિદ્યાના પારગામી, ધર્મદેશનામાં અપ્રમત્ત, સ્વપર શાસ્ત્રવેત્તા[8], દેશ - કુલ - જાતિથી શુદ્ધ[10], શંખની જેમ નિરંજન[11], આકાશની જેમ[12] નિર્લેપ, દ્વાદશાંગના પારગામી[13], આચાર્યના સમગ્ર ગુણથી યુક્ત[14], મોક્ષમાર્ગમાં સ્થિત[15], જ્ઞાનાદિરૂપ શુદ્ધ આત્માના સ્વરૂપનું સાધન[16] કરનારા, પાંચ મહાવ્રતો, ત્રણ ગુપ્તિ, 18000 શીલાંગને[17] ધરનારા, સિંહ સમાન પરાક્રમી[18], ગજ સમ ઉન્નત[19], વૃષભ સમાન ભદ્ર[20], મૃગ સમાન ઋજુ[21], ભ્રમર સમાન માધુકરી[22] કરનારા, પવન સમાન નિઃસંગ[23], સૂર્ય સમાન તેજસ્વી[24], ચંદ્ર સમાન સૌમ્ય[25], અંબર સમાન નિરાલંબ[26], સદાકાળ મોક્ષરૂપી પરમપદનું અન્વેષણ[27] કરનારા તે સાધુ છે.

નવકારમાં 'સવ્વ' અને 'લોએ' શબ્દ છે, તે અંતદીપક છે.

આદિ સંપૂર્ણ ક્રિયામાં રહેનારા ત્રિકાળવર્તી પરમેષ્ઠિઓને નમસ્કાર છે. એમનાં ભેદરૂપ રત્નત્રય મહિ દેવ છે.

રત્નત્રયયુક્ત જીવ મહિ દેવ છે.

અહીં રત્નની અપેક્ષાએ પાંચે સમાન છે.

ઉપકારની અપેક્ષાએ આદિમાં અરિહંત છે.

પરમેષ્ઠિના પ્રભાવે જ અધિક ગુણવાળા સિદ્ધોમાં

સૌથી વધારે શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

'નમો' એ મહામંત્ર છે, એ ધર્મરાજનો મંત્ર છે. 'નમો'નો તાત્પર્યાર્થ 'નાઽહં' 'ન મમ ।' તથા 'સોઽહં' 'સ મમ ।' છે. પુદ્ગલ પ્રત્યે વિરાગ અને આત્મા પ્રત્યે અનુરાગનું પ્રતીક 'નમો' મંત્ર છે.

'अहं' અને 'મમ' એ મોહરાજના મંત્ર છે.

જેના ચિત્તમાં નમસ્કાર વસે છે,

તેનું ભવભ્રમણ પરિમિત બને છે.

'નમો'માં વિવેક છે, વૈરાગ્ય છે. વિવેકથી તૃષ્ણાક્ષય, વૈરાગ્યથી તપ, ત્યાગ, તિતિક્ષા, ઇંદ્રિયનિગ્રહ સુલભ બને.

'નવકાર મંત્ર મહાન અર્થવાળો છે' અને થોડા અક્ષરોનો હોવા છતાં તેમાં બારે અંગોના અર્થનો સમાવેશ છે.

ભાવથી નમસ્કાર કરનાર જીવોને તે જ ભવે મોક્ષ મળતો નથી, તો પણ ભાવનાવિશુદ્ધિ થઈ તે બોધિબીજની પ્રાપ્તિ માટે થાય છે અને જેને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, તેને નજીકના સમયમાં અનિવાર્યપણે મોક્ષપ્રાપ્તિ થાય છે.

આ નમસ્કાર મહામંત્ર નામાદિ મંગલોમાં ઉત્કૃષ્ટ અર્થકારી હોવાથી તે પ્રથમ મંગલ કહેવાય છે અથવા પાંચે પરમેષ્ઠિઓ ભાવમંગલ સ્વરૂપ છે, તેમાં આ અરિહંત પ્રથમ મંગલ સ્વરૂપ છે.

ઉપાધ્યાયોને નમસ્કાર તે ચતુર્થ મંગલ

ઉપયોગપૂર્વક ધ્યાન કરનાર તે ઉપાધ્યાય અથવા ઉપયોગપૂર્વક પાપોનું વર્જન કરી ધ્યાનારૂઢ થઈને કર્મોને દૂર કરે, તે ઉપાધ્યાય ભગવંતો - ચતુર્થ મંગલ છે.

અક્ષરાર્થના અભાવે પદાર્થના અભાવનો પ્રસંગ આવે. પદ એ સમુદાયરૂપ હોવાથી અહીં અક્ષરાર્થ સમજવો.

ઉપાધ્યાયને નમસ્કાર મહાન અર્થવાળો છે અને
હેતનું મહત્ત્વ નજરમાં રહે, ત્યારે
નિરંતર અને ઘણીવાર નવકાર ગણવામાં આવે છે.
તે નમસ્કાર બધાં જ પાપોનો નાશ કરનારો છે, તેથી
બધાં જ મંગળોમાં ઉપાધ્યાય નમસ્કાર એ ચોથું મંગળ છે.

## સાધુને નમસ્કાર તે પંચમ મંગળ

યોગનું પ્રધાન લક્ષણ સમત્વ - સમભાવ છે.
વિષયોથી દૂર રહેનારા, નિર્મળ ચારિત્ર પાળનારા,
તથા ગુણોને સાધનારા તથા આત્મકાર્યમાં સદા ઉદ્યમશીલ
હોવાથી નવકારના પંચમ પદે સ્થિત સાધુઓ નમનીય છે.
નિર્વાણને સાધનારા સમ્યગ્દર્શન આદિ યોગોને સાધે છે
તથા સમભાવ પણ હોવાથી તે 'ભાવસાધુ' કહેવાય છે.
પરમાર્થ સાધવાની પ્રવૃત્તિમાં જગત અસહાય છે, ત્યારે
સહાય વગરના એવા મને સંયમમાં સહાય કરે છે, માટે
સાધુઓને નમવું પણ અત્યંત જરૂરી - ફળદાયી છે.
સર્વ મંગળોમાં સાધુઓને નમસ્કાર પાંચમું મંગળ છે.

આ પાંચ નમસ્કારરૂપ મંગળથી

અર્થ - કામની પ્રાપ્તિ પણ શુભ વિપાકવાળી બને છે,

તેથી અભિરતિ થાને અનુકૂળ આનંદ મળે છે.

શુભકુશલનું કારણ હોવાથી પરલોકમાં પણ તે મળે છે.

સિદ્ધિ, સ્વર્ગ, સુકુળ વગેરે પરલોક સંબંધી ફળો છે,

કર્મક્ષય અને મંગળનું આગમન - એ પ્રયોજન છે.

## <u>નવકારની સુંદર સરખામણી</u>

અન્ય શાસ્ત્રોને સમુદ્ર કહીએ તો નવકાર તેમાંથી નીકળેલું અમૃત છે, અન્ય શાસ્ત્રોને જો ક્ષીર કહીએ તો નવકાર તેનું નવનીત છે, અન્ય શાસ્ત્રોને જો રોહણાચલ કહીએ તો નવકાર તેમાંથી ઉત્પન્ન થયેલ વજ્રરત્ન છે અને જો અન્ય શાસ્ત્રોને મલયાચલ કહીએ, તો નવકાર તેમાંથી નીકળેલ આત્મ ભાવના ચંદન છે.

અહીં જગતના સર્વ મંગલો આ નવકારને આધીન છે.

નવકારના દ્રવ્ય અક્ષરોનો જાપ થાય, તે અતિ પવિત્ર તથા જ્યારે તેનું સ્મરણ થાય, તે ભાવ પણ મંગલ છે.

નમસ્કારનો લક્ષ - નમ્રતાનો લક્ષ સ્વયં મંગળરૂપ છે.
જેનો લક્ષ મંગળ - તેના નામાદિ સર્વ મંગળ છે.

મન વશ કરવા માટેનું સર્વોત્તમ સાધન નવકારમંત્ર છે.
નવકારના લક્ષરૂપ શુદ્ધ પરિણામ બોધરૂપ, શ્રદ્ધારૂપ અને કથંચિત્ આસ્રવનિરોધ રૂપ હોવાથી ચારિત્ર રૂપ પણ છે.
એમ ક્રિયા વિનાનું કોરું જ્ઞાન લક્ષરૂપ બનતું નથી, તેમ જ્ઞાન વિનાની એકલી ક્રિયા પણ લક્ષરૂપ બનતી નથી.

નવકારનું જ્ઞાન + ક્રિયા = લક્ષનમસ્કાર.

લક્ષનમસ્કાર એટલે આત્માની વિશુદ્ધ પરિણતિ.

## જાપવિધિમાં શ્રદ્ધા મુખ્ય

'મંત્રચૈતન્ય' એટલે મંત્રના શબ્દોમાં ધ્યાતાની એકાગ્રતા વડે ઉત્પન્ન થયેલ તન્મયતા.
એ તન્મયતા વિધિપૂર્વક જાપ વડે જ આવી શકે છે.
વિધિમાં શ્રદ્ધા મુખ્ય છે, જ્ઞાન વડે તે જગાડી શકાય છે.
એ માટે ધ્યાતા, ધ્યાન, ધ્યેય અને ધ્યાનનું ફળ - એમ ચારે વસ્તુનું જ્ઞાન હોવું જોઈએ.

## અરિહંતો તથા સિદ્ધો - પ્રથમ બે મંગલ

વ્યવહારનયના મતે જેમ અરિહંતો માર્ગોપકારી છે, તેમ
સિદ્ધો પણ અવિનાશીભાવનાં કારણે માર્ગોપકારી છે.
સિદ્ધોના અવિનાશી - અનુપમ સુખરૂપ ફળને જાણવાથી
મોક્ષમાર્ગમાં વિશેષ પ્રીતિ ઉત્પન્ન થાય છે,
તેથી સિદ્ધ પરમાત્માઓ વિશેષ ઉપકારી છે.
અરિહંતો ભવાટવીમાં માર્ગદેશક, ભવસમુદ્રમાં મહાનિર્યામક
અને છ જવનિકાયના રક્ષક હોવાથી મહાગોપ કહેવાય છે.
મિથ્યાત્વ અને અજ્ઞાનથી મોહિત - આચ્છાદિત બનેલા
પંથવાળી ભવાટવીમાં ઉપદેશકપણું જેમણે કર્યું છે,
તે અરિહંત પરમાત્માઓ જ છે.
જિનેશ્વર ભગવંતોએ કેવળદર્શન વડે જોયેલો,
કેવળજ્ઞાનથી સારી રીતે જાણેલો અને
ચરણકરણ વડે સેવેલો મોક્ષમાર્ગ - નિર્વાણમાર્ગ છે.
સિદ્ધો અવિનાશીપણાંનો પ્રત્યય ઉત્પન્ન કરતાં હોવાથી
માર્ગોપકારી છે અને તેથી તેઓ પણ પૂજ્ય છે.

સિદ્ધોનું સુખ શાશ્વત અને અવ્યાબાધ છે.
સિદ્ધો શાશ્વત છે, માટે સંસારમાં ફરીવાર આવતાં નથી.
પીડારહિત છે, શરીર જરા - મરણની વેદનારહિત છે.
મિથ્યાત્વ રૂપી કાલિકાવાતરહિત અને સમ્યક્ત્વ રૂપી
ગર્જિતવાતની અનુકૂળતાદિ એક જ સમયમાં
સિદ્ધિવસતીરૂપ નગરમાં ભવ્ય જીવો રૂપી પોતો પહોંચે છે.
યાત્રાની સિદ્ધિ માટે નિર્યામકો પૂજ્ય છે.
સર્પ - સિંહ વગેરેના કષ્ટાદિ ગાયોનું રક્ષણ ગોવાળિયો કરે છે
અને ઘાસ - પાણીદિ ભરેલાં જંગલમાં લઈ જાય છે, તેમ
જિનેશ્વરો કષ્ટ અને ભયાદિ ભવ્ય જીવોનું રક્ષણ કરી
જીવરૂપી ગાયોને નિર્વાણ રૂપી વનમાં લઈ જાય છે.
માર્ગાચ્યવન - નિર્જરાર્થં પરીષોઢવ્યાઃ પરીષહાઃ ।
સ્વીકારેલ ધર્મમાર્ગમાં ટકી રહેવા અને કર્મબંધનોને
તોડી નાંખવા માટે જે સ્થિતિ સમભાવપૂર્વક સહન
કરવામાં આવે, તેને 'પરિષહ' કહે છે. રાગ-દ્વેષ, કષાય-
વિષય, પરિષહ - ઉપસર્ગોને નમાવે, તે નમસ્કારાર્હ છે.

## નવકારના સ્મરણનો પ્રભાવ

મરણ વખતે સમાધિ રહે, પરલોકમાં સુગતિ ઉપરાંત
સુકુળ મળે, બોધિરત્ન મળે અને અંતે પરમપદ મળે,
તે બધા પ્રભાવ એક નવકારના સ્મરણમાં છે.
ઉત્તમ જન્મ, સુંદર જીવન અને સમાધિ મરણ-
એ નવકારનાં આ લોકનાં પ્રત્યક્ષ ફળ છે.

## મંત્રજાપથી વિવિધ કર્મનાશ

પ્રભુ 'નામ'ના અક્ષરોની સંયોજનાથી ઉઠતાં આંદોલનો
કર્મના પરમાણુઓને વિખેરી નાંખે છે.
અંતરાત્મા એ bulb છે, નવકારના અક્ષરોનું સ્મરણ
એ wire છે અને આત્મશક્તિની ચરમ સીમાએ
પહોંચેલ સર્વ પરમેષ્ઠિઓ power house છે.
નવકારની પ્રધાન અસર મોહકર્મ ઉપર પડે છે, તેથી
અંતરાયકર્મ તૂટતાં સત્કાર્ય કરવાનું બળ વધે છે તથા
અન્ય કર્મો પણ શિથિલ બની જતાં પાપનાશ થાય છે.
મોહનીયકર્મના નાશ માટે નવકાર અત્યંત ઉપકારી છે.

પાંચે પરમેષ્ઠિ મોહના વિજેતા છે, માટે એમને મનને જીતી નિર્મળ ઉપરાંત નિરંતર બનેલા છે અને શુદ્ધ આત્મદ્રવ્ય અને તેના ગુણોમાં સતત રમણ કરનારા છે. મોહનીય કર્મનો વજ્રમય કિલ્લો નામશેષ કરવા માટે એકાગ્રતાપૂર્વક નવકાર મંત્રનો જાપ કરવો જરૂરી છે.

## મનરૂપી ધનને સાચવવા નવકાર

સાત્ત્વિક જીવન જીવવા માટે તનરૂપી ધન કરતાં મન રૂપી ધનને સાચવવું વધુ જરૂરી છે, જે મંત્ર વડે રક્ષાય છે. પવિત્ર પદોના સ્મરણો વડે જ મન પવિત્ર બની શકે છે. જેનું મન સુરક્ષિત છે, તેના તન - ધન સુરક્ષિત છે. ચિત્તનું વિપરિત ગમન રોકવા માટે નવકાર એ પરમ સાધન છે. નવકાર બુદ્ધિ સુધારે છે, વિઘ્ન અને સંકટોને વિદારે છે. મોટાં વિઘ્ન બે છે : મન અને મરણ - તે બંનેને સુધારનાર પ્રબળ સાધન નવકાર છે. નમસ્કાર વિષયક સતત ઉપયોગ એ કર્મક્ષયનું અસાધારણ કારણ છે.

મનનું રક્ષણ મંત્રથી જ થાય.

## ઉપયોગને 'આત્મહિત પરિણામ' કહે છે.

આત્માનું હિત કરે તેવું વિશિષ્ટ જ્ઞાન નવકારના જ
ઉપયોગપૂર્વકના સ્મરણ - ચિંતન વડે પ્રાપ્ત થાય છે.
શ્રુતોપયોગ એ ભાવસંવર છે, વિપુલ નિર્જરાનો હેતુ છે.
મતિને શુદ્ધ અને સૂક્ષ્મ બનાવનાર તથા,
સર્વ પુરુષાર્થનું મૂળ - ઉપયોગને આપનાર નવકાર છે.

## ઉત્કૃષ્ટ કોટિનું શ્રુતજ્ઞાન નવકાર છે.

પંચ પરમેષ્ઠિરૂપ સર્વોત્કૃષ્ટ મહાપુરુષોનો તેમાં નિર્દેશ છે.
તેઓએ આત્મહિત પરિણામને ઉપજાવનાર શ્રુતજ્ઞાનને
લબ્ધિ અને ઉપયોગ રૂપે જીવનમાં એકમેક કરેલું છે.

## શ્રુતસ્વાધ્યાયનાં ફળો

આત્મહિતપરિણામ, ભાવસંવર, સંવેગ, નિષ્પ્રકંપતા,
તપ, પરને ધર્મોપદેશ, નિર્જરાદિ તેના છે.

## મનની એકાગ્રતા એ જ તપ

પંડિત ગણપતિ શાસ્ત્રીને મહર્ષિ રમણે તેમના એક પ્રશ્નનો
જે ઉત્તર આપ્યો, તે 'તપ'ને સમજવા માટે મહત્ત્વનો છે.

પ્રશ્ન : મેં ઘણા ગ્રન્થોનો અભ્યાસ કર્યો છે.
ઈતિહાસ, પુરાણ, ઉપનિષદો, ગીતા વગેરેનું ઠીક ઠીક
જ્ઞાન ધરાવું છું પણ તપ કોને કહેવાય,
તેની મને સમજણ પડતી નથી.

ઉત્તર : તમે કહો છો કે 'મેં અભ્યાસ કર્યો છે' અહીં
'મેં' શબ્દ ક્યાંથી ઉઠે છે, તેની જો તમે બરાબર
શોધ કરી શકો, તો તમે તપ કર્યું છે, એમ કહેવાય.
જ્યારે કોઈ મંત્રનો જપ કરતાં હોઈએ,
ત્યારે તે અવાજ જ્યાંથી ઉદય થાય,
ત્યાં મનને એકાગ્ર કરીએ, તો એ તપ છે.

## અગિયાર કરોડ નવકારની મહત્તા

છેદસૂત્રકાર ભદ્રબાહુસ્વામી ચૌદ પૂર્વધર હતાં, એ વિષે
વિવાદ નથી પણ નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી નૈમિત્તિક
અને વરાહમિહિરના ભાઈ હતાં, એમ કેટલાકનું કહેવું છે.
તેમણે ૧૧ કરોડ નમસ્કાર સૂત્રની મહત્તા બતાવી છે,
એ એમની પ્રતિભાનો પરિચય કરાવે છે.

## ૧૧ દ્વારોનાં નામ

(૧) ઉત્પત્તિ દ્વાર = સમુત્થાન, વાચના, લબ્ધિ.
(૨) નિક્ષેપ દ્વાર = નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવ.
(૩) પદ દ્વાર = પ્રકૃતિ પ્રત્યયનો વિચાર.
(૪) પદાર્થ દ્વાર = દ્રવ્ય - ભાવસંકોચ.
(૫) પ્રરૂપણા દ્વાર = છ અને નવ દ્વારો પડે.
(૬) વસ્તુ દ્વાર = પાંચ પ્રકારની મહત્તા.
(૭) આક્ષેપ દ્વાર = સંક્ષેપ કે વિસ્તાર ?
(૮) પ્રસિદ્ધિ દ્વાર = સંક્ષેપ.
(૯) ક્રમ દ્વાર = પૂર્વાનુપૂર્વી.
(૧૦) પ્રયોજન દ્વાર = કર્મક્ષય - મંગલ આગમન.
(૧૧) ફલ દ્વાર = આ લોક - પરલોકનાં સુખ.

## ભાવધર્મ અને વ્યવહારધર્મમાં નમસ્કાર

નમસ્કાર મહામંત્રનો સમાવેશ ભાવધર્મમાં છે અને વ્યવહારધર્મમાં કારણભૂત ક્રિયાદિને બાધ ન પહોંચે, તેવી રીતે ભાવધર્મનું સેવન વિહિત છે.

નવકારની નાવ દ્વારા સંસારસમુદ્રને તમે તરી જશો.

તમે ધન્ય છો, પુણ્યશાળી અને ભાગ્યવંત છો. જન્માંતરમાં મોટા પુણ્યને અર્જન કરનાર અને તે વડે પ્રાપ્ત માનવજન્મને સફળ કરનાર તમારાં નરક અને તિર્યંચગતિનાં દ્વાર બંધ થયાં છે, હવે અપયશ નહિ, અપકીર્તિ નહીં મળે, નીચ ગોત્ર પણ બંધાશે નહિ.

જન્માંતરમાં પંચ નવકાર અતિ દુર્લભ નહિ થાય.

નવકારના પ્રભાવથી જ્યાં ઉત્પન્ન થશો, ત્યાં ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ - રૂપ - આરોગ્ય અને સંપત્તિ - બધું અવશ્યમેવ જ મળશે. પંચ નવકારના પ્રભાવથી દાસપણું, દરિદ્રપણું, હીનયોનિપણું અને વિકલેન્દ્રિયપણું પ્રાપ્ત થતું નથી. વિધિપૂર્વક પંચ નવકાર અને શ્રુતજ્ઞાનને ભણીને તેના અર્થ પ્રમાણે જે પ્રયત્નશીલ બને છે તથા આવશ્યકાદિ સર્વ ક્રિયાઓમાં અને ૧૮૦૦૦ શીલાંગમાં અભિરમણ કરે છે, તે સરાગ સંયમને લીધે મોક્ષ ન પામે, તો પણ ગ્રૈવેયક અને અનુત્તરમાં દીર્ઘકાળ સુધી રહી

ઉત્તમ મનુષ્યકુળમાં જન્મે છે અને ઉત્કૃષ્ટ, પુષ્ટ, સર્વ અંગોથી દેદીપ્યમાન સર્વ કળાઓમાં પારગામી બની તથા, સર્વને આનંદનું કારણ થઈ દયા-અનુકંપામાં તત્પર બની અદ્વેષ આચરી કર્મમેલ ધોઈ નાંખી સિદ્ધિપદને પામે છે.

આ નમસ્કાર મંત્રના જપ અને તેના પ્રકાર

વિધિપૂર્વક મંત્રનો અભ્યાસ તે 'જપ' છે.

માનસજપ કેવળ મનોવૃત્તિથી જ કરાય છે.

ઉપાંશુજપ અંતર્જલ્પરૂપ છે. બીજાઓ સાંભળી શકે તે ભાષ્યજપ છે. શાંતિ માટે માનસજપ, તુષ્ટિ-પુષ્ટિ માટે ઉપાંશુજપ અને અભિચારાદિ માટે ભાષ્યજપ મુખ્ય છે.

જપ એ વાચ્યરૂપ દેવતાના વાચકરૂપ મંત્રનું ઉચ્ચારણ છે.

મંત્રરાજના અભિધેય અરિહંત પરમેષ્ઠિ જ પરમતત્ત્વ છે.

'તે પરમ તત્ત્વ પોતાનો જ સ્વભાવ છે'

એવું જે પુનઃપુનઃ આંતરિક પરામર્શન તે ઉત્તમોત્તમ જપ છે.

એવા પુનઃ પુનઃ પરામર્શનથી નાદના જે સતત આંદોલનો ઉત્પન્ન થાય છે, તે તાત્ત્વિક જપ છે.

જપ એ સ્મરણનો જ એક પ્રકાર છે.
જપ જ્યારે શ્વાસસમ થાય, ત્યારે એકાગ્રતા વધે છે.
શ્વાસોચ્છ્વાસની ગતિ જ્યારે સ્વાભાવિક હોય, ત્યારે
તે મધ્યમવાળી ગણાય છે. તેમાં ગતિ એકદમ શીઘ્ર કે
અતિવિલંબિત થતી નથી. અભ્યાસ ત્યાં સુધી વધારવો
કે સંપૂર્ણ માળામંત્ર મધ્યમવાળી એક જ શ્વાસમાં સમાઈ
જાય. જપનું અંતિમ તાત્વિક સ્વરૂપ અનાહત નાદમાં
વિશ્રાંતિ છે. મંત્રનું અંતર્જલ્પરૂપ મનન રક્ષણ કરે છે
અને તે પરતત્ત્વની પ્રાપ્તિનો ઉત્તમોત્તમ ઉપાય છે, તેમ તે
પરમાત્મા જ છે. પરમાત્મા પોતે જ ઉપેયપદની જેમ
ઉપાયરૂપે - મંત્રરૂપે સ્ફુરિત થયેલા છે, એમ સમજવું.
ભાવ્યમાન પછી આંતરિક સંવિદ્ધિ અભિન્ન હોય છે.

સ્મરણ એજ મંત્રનું જીવિત છે અને
સકલ સિદ્ધિને આપવામાં અચિન્ત્ય ચિંતામણિ સમાન છે.
સ્મૃતિરૂપી ચિંતામણિ ધ્યાનાદિ ભાવીને
પ્રાપ્ત કરીને પ્રશસ્ત ફળોને અભિવ્યક્ત કરે છે.

પરમાત્મા શબ્દ અંકગણિત મુજબ ૨૪ તીર્થંકરોનો વાચક

૫ + ૨ + ૪॥ + ૮ + ૪॥ = ૨૪.

'પરમાત્મા' શબ્દ અનુક્રમે પરમાં પીગળેલો આત્મા, પોતામાં પરમ આત્મા, સર્વમાં પરમાત્મા અને એ દ્વારા સર્વમાં બ્રહ્મદર્શન કરવું તે છે.

બ્રહ્મદર્શન એટલે ચૈતન્યરૂપે સર્વમાં સમાનતાનું લક્ષણ.

આમ 'પરમાત્મા' શબ્દની અર્થભાવના છે:

પરમાત્માને શબ્દ, અર્થ અને ગુહ્યાર્થ ચિન્તવવા.

અર્થભાવનાયુક્ત જાપ વિશિષ્ટ ફલપ્રદ છે. નમસ્કાર દુષ્કૃતનો ક્ષય કરી સુકૃત પેદા કરે છે અને આત્માના શુદ્ધ સ્વરૂપની સાથે અનુસંધાન કરી આપે છે.

નમસ્કાર મંત્ર પાપરુચિ ટાળી આપે છે અને ધર્મરુચિ પ્રકટાવે છે. પાપરુચિ ટળવાથી પરપીડાપરિહારની વૃત્તિ જાગે છે અને ધર્મરુચિ પ્રકટવાથી પરાનુગ્રહનો પરિણામ ઉત્પન્ન થાય છે. તે બે થવાથી ચિત્ત નિર્મળ બને છે અને તેમાં આત્મજ્ઞાન આવિર્ભાવ પામે છે.

નમસ્કાર મહામંત્રમાં પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિના
Imp ઉપર્યુક્ત સઘળાં ઉપાયોનો સંગ્રહ છે, કેમકે
નમસ્કાર મંત્રથી ભૂતદયાનો પરિણામ જાગે છે,
સંસારનાં સુખો પ્રત્યે ઉદાસીનતાનો ભાવ જાગે છે,
દેવ-ગુરુની વિધિવત્-ભક્તિયુક્ત ઉપાસના થાય છે,
દયા, દાન, પરોપકાર, સદાચારાદિના પાલનરૂપ શીલવૃત્તિ
જાગે છે, પરપીડાથી નિવૃત્ત થવાની અને પરને સહાયરૂપ
બનવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે, ચિત્તવૃત્તિની અશુદ્ધિનો
ક્ષય થાય છે અને વિશુદ્ધ ચિત્તની ઉત્પત્તિ થાય છે.
વિશુદ્ધ ચિત્તમાં આત્મજ્ઞાનનું પ્રતિબિંબ પડે છે અને
આત્મજ્ઞાન મોક્ષનું કારણ બની મોક્ષસુખ અપાવે છે.
આ બધા લાભોનું મૂળ નમસ્કાર મંત્રની આરાધના બને
છે, તેથી નમસ્કાર મહામંત્રની આરાધનાને શાસ્ત્રોમાં
શિવ-સુખનું અદ્વિતીય કારણ માન્યું છે.
નમસ્કાર એ અજ્ઞાન અને આપમતિ-અજ્ઞાનમતિનો
આગ્રહ (મિથ્યાત્વ) નિવારવા માટે આવશ્યક છે.

નમસ્કાર મંત્રના આલંબનથી રાગાદિ ભાવોનું વિસર્જન થાય છે અને શમાદિ ભાવોનું સેવન થાય છે.

નવકારના આલંબનથી સાંયોગિક ભાવોથી પર બનીને અસાંયોગિક આત્મભાવોમાં સ્થિર થવાય છે અને

'શુદ્ધ ચિદ્રૂપ આત્મરત્ન એ જ એક ધ્યેય છે'

એવી શ્રદ્ધા સુદૃઢ બને છે.

નમસ્કાર એ શુદ્ધ ચિદ્રૂપરત્નની પેટી છે.

તેનો ભાર અલ્પ છે અને મૂલ્ય ઘણું છે, તેથી શ્રુતકેવલી ભગવંતો તે રત્નપેટીને સદા સાથે રાખે છે, જેનાથી અજ્ઞાન અને મિથ્યાત્વદારિદ્ર્ય ચૂરાઈ જાય છે, સદા દુઃખ, દૌર્ભાગ્યાદિનો સ્પર્શ પણ થઈ શકતો નથી.

દુઃખ - દૌર્ભાગ્યથી રિબાયેલાઓને હંમેશા માટે સુખ-સૌભાગ્યને અર્પનાર રત્નદાબડો નમસ્કાર મંત્ર છે.

અવિરાધકભાવના મંથનથી મળેલ નમસ્કાર મંત્રની શ્રદ્ધા પરમ ધૃતિને આપે છે, જે ધર્મધ્યાનને પ્રગટાવે છે, ધ્યાનને સ્થિર કરીને ચિત્તસમાધિના પરમ સુખને અપાવે છે.

અનુકૂળ સમયે ત્રણે કાળ અને પ્રતિકૂળ સમયે વારંવાર
નમસ્કાર મંત્રને ભાવિત કરવાનું ફરમાન છે,
તેની પાછળ આત્મભાવને દુઃખમાં પણ
ભાવિત કરીને સ્થિરતર કરવાનો આશય છે.
જીવ પરિણામ પામવાના સ્વભાવવાળો છે.
જ્યારે તે શુભાશુભ પરિણામમાં પરિણમે છે,
ત્યારે તે જીવ શુભાશુભ થાય છે અને જ્યારે
શુદ્ધ પરિણામરૂપે પરિણમે છે, ત્યારે તે શુદ્ધ થાય છે.
નમસ્કાર મંત્ર જીવને શુભાશુભ પરિણામે પરિણમતો
અટકાવી શુદ્ધ પરિણામમાં પરિણમતો કરે છે, તેથી
નમસ્કારનો એક અર્થ
'શુદ્ધ સ્વભાવમાં પરિણમન' એવો પણ થાય છે.
'નમન' એટલે પરિણમન. અરિહંતાદિ પરમેષ્ઠિઓના
શુદ્ધ સ્વરૂપના આલંબને નિજ આત્માનું
શુદ્ધ પરિણમન કરાવનાર હોવાથી નવકાર મંત્ર
જીવને મુક્તિ આપનારો થાય છે.

you shall know the truth and the truth shall make you free.

Truth એટલે સત્ય - Reality. It is one.

નમસ્કાર શુદ્ધાત્મ પરિણમન છે. નમસ્કાર મંત્રને ભાવવાથી આત્મા રાગાદિ ભાવોથી અને પરસંગથી મુક્ત થાય છે. તે જ સાચી મુક્તિ છે. શુદ્ધોપયોગમાં રહેલા અરિહંત, સિદ્ધ આદિ પરમેષ્ઠિઓ માત્ર આત્માથી જ ઉત્પન્ન સદા વિષયાતીત, નિરુપમ અને અનંત સદા વિચ્છેદ-રહિત સુખને અનુભવે છે, તે સ્વરૂપધ્યાન ધર્મધ્યાનના ક્રમથી શુક્લધ્યાનનું કારણ બની કર્મરૂપી ઈન્ધનના સમૂહને શીઘ્રપણે ભસ્મ કરે છે. હૃદયમાં આત્મસ્વભાવની લબ્ધિ પ્રકાશમાન થતાંની સાથે જ શુભાશુભના કારણભૂત સંકલ્પ - વિકલ્પ શાંત થાય છે.

'જે કેવળ જ્ઞાનસ્વભાવી છે, કેવળ દર્શનસ્વભાવી છે, કેવળ સુખમય છે અને કેવળ વીર્યસ્વભાવી છે, તે આત્મા છે' એમ જ્ઞાની ચિન્તવે છે.

નમસ્કાર મંત્ર આત્મધ્યાનનું અનન્ય સાધન છે,
તેથી દર્શનમોહનો વિનાશ થાય છે.
આત્મભાવના વડે પ્રતિક્રમણ, પ્રતિસરણ, પ્રતિહરણ, ધારણ,
નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ એ આઠે થાય છે.
નમસ્કાર વડે આત્મભાવના થતી હોવાથી
નમસ્કાર પણ પ્રતિક્રમણ, પ્રતિસરણાદિ રૂપ છે,
તેથી મિથ્યાત્વ, અજ્ઞાન, દુઃખ-પાપાદિ,
આશ્રવોનો ત્યાગ થાય છે અને
શુદ્ધ આત્મસ્વરૂપનું અસંગપણે ધ્યાન થાય છે.
શુભોપયોગ યુક્ત આત્મા સ્વર્ગાદિને અને
શુદ્ધોપયોગ યુક્ત આત્મા નિર્વાણને પામે છે.
'નમસ્કાર ધર્મધ્યાન અને શુક્લધ્યાન - ઉભયનું કારણ
હોવાથી સ્વર્ગાપવર્ગને આપનારો છે' એમ સિદ્ધ થાય છે.
સત્સંગ વિનાનું ધ્યાન તરંગરૂપ થઈ પડે છે.
નમસ્કાર મંત્ર સત્સંગપૂર્વકનું શુભ ધ્યાન હોવાથી
નિસ્તરંગ અવસ્થાની પ્રાપ્તિમાં સહાયક થાય છે.

સર્વ લાભોમાં શ્રેષ્ઠ લાભ નમસ્કારનો લાભ છે.
નમસ્કારલાભમાં નમસ્કાર્ય પ્રત્યે સર્વસ્વનું દાન અને
સમર્પણ છે, તેથી તેનું ફળ અગાહિત - અચિન્ત્ય છે.
સર્વ પાપને છેદવા માટે તે સમર્થ છે.
સર્વ મંગળોને ખેંચી લાવવા માટે તે અમોઘ છે.
અનાહતના ત્રણ મંડળો કે અડધી આંટા -
સાડા ત્રણ આંટા વગેરે લાભના ગૂંચળાકારને બતાવે છે.
તે દરેક આંટા ઉત્તરોત્તર લાભની વૃદ્ધિના સૂચક છે.
નમોલાભ = આગમસાર. અનાહત = મંત્ર - મંત્રનો સાર.
નમોલાભ અનાહતમય સમતાલાભની વૃદ્ધિ કરે છે.
તેને સૂચવવા સાડા ત્રણ આંટાનું આલેખન છે.
એમ અનાહત ધ્વનિ પણ અટક્યા વિના ચાલ્યા કરે છે,
તે બતાવવા માટે તેનું આલેખન વર્તુળથી ન કરતાં
સ્પાઈરલ કે ગૂંચળાથી છે. અંગતમાંથી બિનઅંગતમાં જવા
તથા વ્યક્તિમાંથી સમષ્ટિમાં જવા માત્ર લાભ જ સમર્થ છે,
જ્ઞાન કે ક્રિયામાં તે સામર્થ્ય નથી.

# નમસ્કાર એ પ્રથમ ધર્મ શાથી?

જૈનાગમનું પ્રથમ સૂત્ર 'પંચમંગલ' યાને નમસ્કાર સૂત્ર છે.
તેનું પહેલું પદ 'નમો' છે.
એ નમસ્કાર ક્રિયાના અર્થમાં અવ્યય પદ છે, એટલે
એનો અર્થ 'હું નમસ્કાર કરું છું' એવો થાય છે,
તેથી 'નમો અરિહંતાણં'નો સ્પષ્ટ અર્થ
'હું અરિહંત પરમાત્માઓને નમસ્કાર કરું છું' એવો થશે.
અહીં 'નમો' પદ પ્રથમ મૂકીને
એ સૂચવ્યું કે નમસ્કાર એ પ્રથમ ધર્મ છે. નમસ્કાર
એ ધર્મ તરફ પ્રયાણ કરવા માટે મૂળભૂત વસ્તુ છે.
નમસ્કારથી શુભ ભાવ જાગે છે.
નમસ્કાર મંત્ર એ મિથ્યાભિનિવેશનું ઔષધ છે.
નમસ્કારમાં 'હું અજ્ઞાની છું' એવી કબુલાત છે.
એ કબુલાત અજ્ઞાનની ગર્હા કરાવે છે અને જ્ઞાનીની
સ્તુતિ કરે છે. વળી જીવમાં સરળ ભાવ પ્રગટાવે છે
અને એ સરળતા જ મોક્ષમાર્ગની પ્રથમ શરત છે.

નમવું મંત્ર અભિનિવેશને ટાળી નમ્રતા શિખવાડે છે.
નમવું દ્વારા જ્ઞાનીઓની પરાધીનતાને સ્વીકારાય છે.
નમવું મંત્ર સ્વલઘુભાવ સદા ટકાવી રાખે છે. એના
પ્રભાવે જ એક વખત જીવ પૂર્ણદશાને પામી શકે છે.

જ્ઞાન જ્યાં સુધી અપૂર્ણ છે,
ત્યાં સુધી પૂર્ણ જ્ઞાનીની પરાધીનતા જ જીવને
અભાવ વધવામાં સહાયકારી બની શકે છે.
જ્ઞાની પ્રત્યે નમ્રતા અને જ્ઞાનીની આજ્ઞા પ્રત્યે
પરાધીનતા એ છદ્મસ્થ માત્રનો પ્રથમ ધર્મ છે.

જેને નમવામાં આવે તેની ઉચ્ચતાનો અને પોતાની
જાતની લઘુતાનો ભાવ કાયમ ટકાવી રાખવા જીવને
નમવાની પરમ આવશ્યકતા છે. જેને નમવામાં આવે છે,
તેને હૃદય દેશમાં પધારવા માટેનું નિમંત્રણ એટલે નમવું.

નમસ્કાર એ મંત્ર છે. મંત્ર અર્થાત મનનું રક્ષણ.
મંત્રના વર્ણો વડે મનનું સંકલ્પ-વિકલ્પથી રક્ષણ થાય છે.
મંત્ર = વિશિષ્ટ મનન અને તે વડે થતું મનનું રક્ષણ.

નમસ્કાર એ નમ્રતા અને પરાધીનતાને પુષ્ટ કરે છે.
લૌકિક કે લોકોત્તરમાં નમસ્કાર સૌથી પ્રધાન ધર્મ છે.

પરમાત્માને નમસ્કાર એ
પોતાના આત્માને જ નમસ્કાર છે અને પોતાના
આત્માને નમસ્કાર એ પરમાત્માને જ નમસ્કાર છે.
નમો એ આત્મનિવેદન ભક્તિનો એક પ્રકાર છે.
નમો દ્વારા નમસ્કાર કરનારો પરમાત્માની આગળ
'હું તમારો જ અંશ છું, સેવક છું, દાસ છું'
એવું પોતાનું આત્મનિવેદન કરે છે.

નમો = પરબ્રહ્મની સાથે સંબંધ કરાવનાર મહામંત્ર.

તે આત્મનિવેદનપૂર્વકની શરણાગતિને સૂચવે છે.
અજ્ઞાન સહિત સર્વ પાપોનો નાશ કરવાની શક્તિ
નમસ્કારમાં છે, કેમકે નમસ્કારમાં આત્મસમર્પણ થાય છે.
સમર્પણ = અનાત્મપદાર્થોમાં આત્મબુદ્ધિનું વિસર્જન.
સમર્પણ = આત્મભાવમાં નિમજ્જન.
તે નિમજ્જનનું જ બીજું નામ શરણાગતિ છે.

સર્વશ્રેષ્ઠ વસ્તુનું સર્વશ્રેષ્ઠ પાત્રને ધરવું સર્વશ્રેષ્ઠ દાન
તે 'નમો અરિહંતાણં' પદનો જાપ છે.

દાન આપવાની સર્વશ્રેષ્ઠ વસ્તુ કોઈ હોય તો તે મન છે,
દાન દેવાનું સર્વશ્રેષ્ઠ પાત્ર કોઈ હોય તો તે પરમાત્મા છે.

'નમો અરિહંતાણં' પદમાં
સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી
મોક્ષમાર્ગની આરાધના રહેલી છે.

શુદ્ધ સ્વરૂપની રુચિ, બોધ અને પરિણતિ
તે સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર છે.

નમસ્કારથી સાચો ધર્મસંબંધ સધાય છે, તેથી અજ્ઞાન,
પાપ તથા તેનાં વિવિધ વિપાકનો સદા માટે અંત આવે છે.

નવકારમાં સર્વ શાસ્ત્ર અને સર્વ શાસ્ત્રમાં નમસ્કાર છે.

નવકારના પ્રથમ પદમાં નવપદ છે અને
નવપદમાં નવકાર રહેલો છે.

નવપદનો જાપ અને સિદ્ધચક્રનું ધ્યાન પરસ્પર પૂરક છે.
ધ્યાન સિદ્ધચક્રનું અને જાપ નવકારનો પરસ્પર પૂરક બને.

## અખૂટ ફળ આપનારૂં દાન તે નમસ્કાર.

નમો મંત્ર દ્વારા પંચ પરમેષ્ઠિને અપાતું સન્માનનું દાન બદલામાં પોતાના શાશ્વત આત્માનું દાન કરે છે.
પોતાના શાશ્વત આત્માનું અનાદિકાળથી થએલું વિસ્મરણ એ જ અનંત દુઃખનું મૂળ છે અને તેનું સ્મરણ એ જ અનંત સુખનું બીજ છે.
નમસ્કાર દ્વારા પંચ પરમેષ્ઠિનું સ્મરણ એ પોતાના શાશ્વત આત્માનું સ્મરણ કરાવીને અનંતકાળ સુધી પણ ન ખૂટે તેવું અખૂટ દાન કરે છે. જે આપનારાં જ છે પણ કદી પણ લેનારાં નહિ, તેમને આપવામાં આવતું દાન એ જ શ્રેષ્ઠ એવું દાન છે કે તેનું ફળ અક્ષય બને છે.
પંચ પરમેષ્ઠિ ભગવંતો સન્માન લેવાની ઇચ્છારહિત હોવાથી અને જીવોને પોતાના સર્વસ્વનું દાન કરવા માટે જ જેમનું દુનિયામાં અસ્તિત્વ છે, તેમને નમસ્કાર દ્વારા જ્યારે સન્માનનું દાન હૃદયથી કરવામાં આવે છે, ત્યારે તેનું ફળ અપરિમિત બને છે.

'નમો અરિહંતાણં'માં રાગ-દ્વેષરહિત
સ્વભાવભાવને જ નમસ્કાર કરવામાં આવ્યો છે.
એટલે ક્રમે ક્રમે તેવી સ્થિતિમાં જવાનો પુરુષાર્થ
સૌની આકુળતાને શમાવી દે છે. ધર્મનું ફળ શાંતિ છે.
શાંતિનું મૂળ અનાકુળ જ્ઞાનસ્વભાવ છે,
તેને નમસ્કાર નવકારના પ્રથમ પદમાં કરવામાં આવ્યો છે.
વીતરાગસ્વભાવ અને કેવળજ્ઞાનને પરસ્પર સંબંધ છે.
નમો = નિર્ભયતા, અરિહં = નિર્વૈરતા, તાણં = અખેદિતા.
નિર્ભયતાનો મૂળમંત્ર નિર્વૈરતા.
નિર્વૈરતાનો મૂળમંત્ર નિષ્કામતા.
નિષ્કામતાનો મૂળમંત્ર આપ્તકામતા.
નમસ્કાર માનવની પોતાની સંપત્તિ છે,
બાકી સંપત્તિ તેને અન્ય તરફથી મળે છે.
નમવું એ જ મન અને બુદ્ધિનું સત્ય ફળ છે.
નમ: એ દૈવી ગુણ અને આધ્યાત્મિક સંપત્તિ છે.
નમસ્કારથી સ્વીકારનો ગુણ ઉત્પન્ન થાય છે.

નમસ્કાર એ નમસ્કાર કરનારનો છે, કેમકે:

(1) નમસ્કાર એ કરનારને આધીન છે. સ્વતંત્રઃ કર્તા।
એ નિયમ મુજબ દેવદત્તના ધનની જેમ
જે જેને આધીન હોય, તે તેનું જ ગણાય.

(2) નમસ્કાર એ કરનારના ગુણરૂપ છે.
જ્ઞાન, ક્રિયા કે શબ્દ એ નમસ્કાર કરનારના ગુણ છે.

(3) નમસ્કાર એ નમસ્કારના કારણરૂપ કર્મનો ક્ષયોપશમ કરનારમાં છે. કાર્ય-કારણ વિરહ્ય અન્યત્ર હોય નહિ.

(4) નમસ્કારનો પરિણામ નમસ્કાર કરનારમાં છે અને
તેના ફળનો ભોક્તા નમસ્કાર કરનાર છે.

ભગવાન થઈએ એના કરતાં
ભગવાનના થઈએ, તે વધુ સારું છે.

'નમો અરિહંતાણં ।' પદનો
એક અર્થ એ પણ છે કે અપ્રીતિની ભાવનારૂપી
અરિને હણનારાઓને નમસ્કાર થાઓ.
પ્રીતિની ભાવના એ મિત્રની ગરજ સારે છે.

નવકારનું સ્મરણ કર્મક્ષય માટે છે અને
કર્મક્ષય ધર્મમંગળના લાભ માટે છે.
ધર્મમંગળમાં કર્મક્ષય કરવાનું સામર્થ્ય છે.
નવકારના સ્મરણથી ઉભય કાર્ય એક સાથે થાય છે.
એક બાજુ કર્મનો ક્ષય અને
બીજી બાજુ ધર્મનો લાભ થાય છે.
કર્મનું કારણ પાપ છે, ધર્મનું કારણ પુણ્ય છે.
નવકારના સ્મરણમાં ૧૮ પાપનો નાશ કરવાનું અને
૯ પુણ્યની વૃદ્ધિ કરવાનું સામર્થ્ય છે. નવકાર મંત્રમાં
ભાવપ્રધાન નિર્દેશ હોવાથી શત્રુને નહિ પણ શત્રુભાવને
હણનારા અરિહંતોને નમસ્કાર છે. શત્રુભાવ મિત્રભાવથી
હણાય છે, તેથી સર્વ જંતુઓ પ્રત્યે મિત્રભાવને ધારણ
કરનારા અને તે વડે શત્રુભાવને હણનારા અરિહંતોને
નમસ્કાર. તે નમસ્કાર દ્વેષભાવ રૂપી પાપને હણે છે
અને મિત્રભાવરૂપી મંગળને કરે છે.
મિત્રભાવ મોક્ષનું અને શત્રુભાવ સંસારનું કારણ છે.

નવકાર મંત્ર શ્રી જિનેશ્વર દેવોનું સૂક્ષ્મ રૂપ છે,
શ્રી જિનેશ્વર દેવોનો અક્ષરદેહ તેમાં છે.
જિનપૂજા દ્વારા સ્થૂલરૂપનું અનુસંધાન કરીને પછી જ
નમસ્કારના જપ વડે સૂક્ષ્મ રૂપમાં પ્રવેશ કરવાનો છે.
એ સાચું છે કે નમસ્કાર મંત્રના મંગલ સ્મરણ દ્વારા જ
જિનપૂજાનો લાભ પ્રગટે છે, પરંતુ
નવકારસ્મરણ કરતાં નવકારજપમાં વિશેષતા રહેલી છે.
સૂક્ષ્મરૂપને અંતર ચિત્તના ઉપર આલેખવું એ 'જપ' છે.
પૂજા સ્થૂલરૂપ માટે, જપ સૂક્ષ્મરૂપ માટે અને
ધ્યાન પરરૂપના પ્રાગટ્ય માટે થાય છે.
નામસ્મરણથી ઈશ્વરનો વિચાર જાગે છે, તેથી
નામસ્મરણ પણ સત્સંગ છે. પંચપરમેષ્ઠિ નમસ્કાર
ભવકૂપમાં પડતાં જીવોને મહાઆલંબનભૂત થાય છે.
પ્રભુની આજ્ઞામાં જેટલાં ગુણ છે, તે બધા ગુણોને
પરમેષ્ઠિ નમસ્કાર કરનારો ધર્મ પામવાનો અધિકારી
બને છે, તેથી પરમેષ્ઠિ નમસ્કાર એ સારની પોટલી છે.

# મંત્ર અને મૈત્રી

વિશ્વનાં અનેક મંત્રમાં નમસ્કાર મંત્ર અપૂર્વ મંત્ર છે. વ્યક્તિ પૂજાના સ્થાને આ મંત્રમાં ગુણ પૂજા છે. એમાં કોઈ દેશ, કાળ, જાત કે સંપ્રદાયનો નિર્દેશ નથી. સર્વ દેશ, કાળ, જાતિ, સંપ્રદાયમાં થયેલા ગુણવાનોને નમન હોવાથી આ મંત્ર સર્વવ્યાપી છે. આ મંત્ર દ્વારા સમગ્ર વિશ્વના ગુણવાન આત્માઓને વંદન થાય છે, તેથી તે અત્યંત ઉપાદેય અર્થાત્ શ્રેય - ધ્યેય - આદેય છે.

°

'Namo' is opening of the heart, mind and soul to Him and closed to all else. The greatest command is to love Him and also your neighbour. Nothing can daunt you when your ears are tuned to the song of navkar.

# નવકારમાં શું શું સમાવિષ્ટ છે?

નવકારમાં ૬૮ નકાર, ૬૨ બિંદુ, ૯ ણકાર, ૮ સકાર,
૩ ટકાર, ૨ ચકાર, ૯ મકાર, ૭ વકાર, ૨ ઓકાર,
૬ અકાર, ૬ આકાર, ૬ તકાર, ૭ સંયુક્તાક્ષર, ૫ પકાર,
૩ લકાર, ૬ દકાર તથા ૬ ધકાર છે.

નવકારમાં ૬૮ પૂર્વ, ૬૨ અંગ, ૯ નિધિ, ૮ સિદ્ધિ,
૩ મંગળ (આદિ, મધ્ય અને અંત) તથા
૨ ચારિત્ર (દેશ તથા સર્વવિરતિ) સમાવિષ્ટ છે.
ઉપરાંત નવકારમાં પંચ પરમેષ્ઠિ તથા ત્રણે લોક છે.

o

## :Meditation upon Namaskar:

નમો is for mercy - દયા.
અરિહં is for Grace - કૃપા.
તાણં is for protection - રક્ષણ.

નમો એ પાપનું પ્રાયશ્ચિત, અરિહં એ ધર્મનું અનુમોદન
તથા તાણં એ પરમ સત્તા સાથે એકતા છે.

## પરમેષ્ઠિ પાંચ જ કેમ ?

અરિહંત મૂળ છે, સિદ્ધ ફળ છે, આચાર્ય પુષ્પ છે,
ઉપાધ્યાય પત્ર છે, સાધુ સ્કંધ - શાખા - પ્રશાખા છે.
ધર્મક્રિયામાત્રના મૂળમાં પ્રથમ પ્રેરક તરીકે અરિહંતો છે.
અરિહંતકથિત ધર્મનું વિધિયુક્ત આચરણ
સિદ્ધ ફળ સહિત મોક્ષને દેનારું છે.
વળી ધર્મક્રિયામાત્રનું સ્વરૂપ શુભાશ્રવ, સંવર અને
નિર્જરામય છે તથા તે ત્રણે રત્નત્રયાત્મક છે.
આચાર્યોનો આચાર એ સમ્યક્ ચારિત્રમય,
ઉપાધ્યાયોનું જ્ઞાન એ સમ્યગ્ જ્ઞાનમય અને
સાધુઓની સહાય એ સમ્યગ્ દર્શનમય છે.
આમ પંચપરમેષ્ઠિનું તત્ત્વ ધર્મક્રિયાઓમાં ગુંથાયેલું છે.

ધ્યેય = અરિહંત - સિદ્ધ,
ધ્યાતા = આચાર્ય - ઉપાધ્યાય - સાધુ,
સ્વરૂપ = દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને
ફળ = અરિહંત - સિદ્ધ.

## જૈન ધર્મ 'પ્રધાનં સર્વ ધર્માણાં' શા માટે?

જૈન ધર્મ વિશ્વવત્સલ છે, ગુરુ સકલ સત્ત્વહિતાશયી
તથા દેવ પરમવાત્સલ્યમય હિતકારક છે. સર્વ ધર્મોમાં
પ્રધાન જૈન ધર્મ છે, કેમકે તે પરમાત્મવત્સલ ધર્મ છે.

સર્વ ગુરુઓમાં પ્રધાન ગુરુ સુસાધુઓ છે,
કેમકે તેઓ પરમવાત્સલ્યના રક્ષક છે.

સર્વ દેવોમાં પ્રધાન દેવ વીતરાગ જિનેશ્વર દેવ છે,
કેમકે તેઓ વિશ્વહિતકર ઉપદેશના દાતા છે.

ધર્મનું લક્ષણ વાત્સલ્ય છે, જેમાંથી ક્ષમાદિ ધર્મો જન્મે છે.
ક્ષમાદિ ઉત્તમ ધર્મોને ધારણ કરનાર ગુરુઓ છે અને
ક્ષમાદિ ઉત્તમ ધર્મનું ફળ મુક્તિ છે.

મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિસાધક -
ત્રણે નવકાર મહામંત્રમાં મુખ્ય છે.

જે શાસનના દેવ વીતરાગ ભગવાન,
ગુરુ સુસાધુ ભગવંત અને ધર્મ દયામય છે,
એવા શાસનપક્ષોની પ્રશંસા કયો બુદ્ધિશાળી ન કરે?

## ગણધરરચિત જીવંત સૂત્રો

ઈરિયાવહી સૂત્રથી દુષ્કૃતગર્હા થાય છે,
કરેમિ ભંતે સૂત્રથી પ્રાયશ્ચિત રૂપે સર્વવિરતિ થાય છે,
ઉવસગ્ગહરંથી વિરતિધર્મમાં આવતાં વિઘ્નોનો નાશ અને
લોગસ્સ સૂત્રથી અરિહંતો સાથે સમાપત્તિરૂપ મેળાપ થાય છે.
આ સૂત્રો જીવંત છે, તે અનુભવથી સ્પષ્ટ થાય તેમ છે.
આત્યંતિક, શાશ્વત, ધ્રુવ, નિરંતર એવા સર્વોત્તમ
સુખના આકાંક્ષીએ આદરપૂર્વક પંચ મંગળ ભણવું.
'તજ્જાપસ્તદર્થ ભાવનમ્।' નામનો જપ કરવો અને
અર્થનું ચિન્તન-ભાવન કરવું. નામથી ગુરુકૃપા મળે.
રાધાકૃષ્ણ, સીતારામ, 'નમો અરિહંતાણં' વગેરે
નામશક્તિ તે મંત્રચૈતન્ય. સર્વ મંત્રોનો સાર 'નામ' છે,

°

જપ = Repetition of name with meaning and feeling. Grace through praise and Grace through gratitude સર્વ શાસ્ત્રોનો મર્મ છે.

નમસ્કાર સહિત પંચમંગલમહાશ્રુતસ્કંધ
તે સકલ આગમોમાં અંતર્ગત રહેલ છે અને યથાર્થ
ક્રિયાનુગતયુક્ત સદ્ભૂત ગુણોના કીર્તનસ્વરૂપ છે તથા
યથેચ્છ ફલપ્રસાધક અને પરમ સ્તુતિવાદ રૂપ છે.

## કષાયોને નાથવાનો ઉપાય શો ?

કષાયો અને પ્રમાદને દૂર કરવાનો એકનો એક ઉપાય
આ નમસ્કાર મહામંત્ર દ્વારા પરમેષ્ઠિઓના સદ્ગુણોનું
સેવન, નમન, વંદન, સ્તવન, ધ્યાન અને
સતત આરાધન કરવામાં મશગુલ રહેવું, તે જ છે.

## વારંવાર મનન કરવા યોગ્ય સૂત્ર

'Heal thyself' સહિત 'પંડે સાજો થા.'
આ સૂત્ર વારંવાર મનન કરવા યોગ્ય છે.

વેદ મંત્રોમાં જડોપાસનાનું નામનિશાન નથી.
એ મંત્રો દ્વારા ઋષિઓ બ્રહ્માંડની અંદર સર્વ વસ્તુમાં
વ્યાપી રહેલાં, વિલસી રહેલાં એક અને અદ્વિતીય વિરાટ
પુરુષ, આર્હન્ત્યની સ્તુતિ - ઉપાસના જ કરતાં હતાં.

## મંત્રસિદ્ધિ માટે શું કરવું ?

નિત્ય ઓછામાં ઓછા ત્રણથી ચાર કલાક રોજેરોજ જાપ માટે કાઢવા જોઈએ, દશાંશ હોમ પણ કહ્યો છે. મંત્રના અક્ષરો જ્યોતિર્મય દેખાય અને ચિત્તવૃત્તિનો તેમાં લય થાય, ત્યારે મંત્રસિદ્ધિ નજીક ગણાય છે. મંગલ પરંપરાવર્ધક એવા નવકારના પ્રથમ પદ ઉપર

પૂજ્યભાવ - આદરભાવ,

સન્માનભાવ તથા બહુમાનભાવ મહાપુણ્યોદય સર્જે છે.

○

Navkar is a diagram of eternal soul. To be is the greatest power of any kind of becoming. Navkar is the infallible constitution of Cosmic government and Samayik is the chief instrument of sovereign rule over Cosmic Order.

-Shashikant Mehta, Rajkot

શ્રી Navkar Mahamantra is an ultimate purpose of cosmos-લોક પુરુષ. Therefore, it is mantra of the nature and nature is the noble mission of namaskar, hence both are one & the same. Progress merely happens in the sub-human world; In the human world, it is willed. man, you and I are self-willed. The excercise of self-will is the prime necessity of human life. Learn to know the law and allow it to order your life and you will have the secret of victorious living. In kindness, all of the virtues grow.

## પંચપરમેષ્ઠિ નમસ્કારનો સાર શરણાગતિ

અરિહંતો ગુણ પ્રકર્ષવાન હોવાથી પરમ મંગલરૂપ છે.
અચિન્ત્ય શક્તિ અને તેના પ્રભાવે
તીર્થ પ્રવર્તાવી મોક્ષમાર્ગ દર્શાવે છે, તેથી લોકોત્તમ છે.
અરિહંતો સર્વજ્ઞ, પરાર્થરસિક હોવાથી
શરણ - આધાર - અવલંબન આપે છે, નામાદિ
ચાર નિક્ષેપાઓ વડે ટેકો આપે છે, માટે શરણરૂપ છે.
શાસ્ત્રોનો સાર નમસ્કાર અને તેનો સાર શરણાગતિ.
શરણાગતિ એ આત્મદ્રવ્યની નિર્વિકલ્પ અનુભૂતિરૂપ છે.

## નમસ્કાર વડે શું થાય ?

'હું' એટલે શરીર નહિ પણ શુદ્ધ આત્મા અને
'મારું' એટલે ધનાદિ નહિ પણ શુદ્ધ જ્ઞાનાદિ ગુણો-
એમ શીખવનાર મહામંત્ર નમસ્કાર છે, તેથી તે
મોહને જીતાવનારો ધર્મરાજાનો મહામંત્ર પણ કહેવાય છે.
જીવ તથા શિવ સાથે અભેદ સંધાવનાર મંત્ર 'ૐ' છે
અને 'નમો' એ ૐ મંત્રનું જ વિશદ રૂપ છે.

## નમસ્કારથી જિનાજ્ઞાપાલન કઈ રીતે ?

આસ્રવનો ત્યાગ અને સંવરનું સેવન એ જિનાજ્ઞા છે.
નમસ્કાર વડે તેનો અનુબંધ પડે છે.
નમસ્કારના સતત સ્મરણ વડે આસ્રવમાં હેયપણાંની
અને સંવરમાં ઉપાદેયપણાંની બુદ્ધિ ઉત્પન્ન થાય છે,
તે અનુબંધ દૃઢ થતાં
આસ્રવનો ત્યાગ અને સંવરનું સેવન સુલભ બને છે.

## જિનાજ્ઞાના બે વિશેષણ કયા ?

પંચ પરમેષ્ઠિ એ જ જિનાજ્ઞાનું મૂર્તિમંત સ્વરૂપ છે.
પ્રથમ બે પરમેષ્ઠિ એ આજ્ઞારાધનના ફલસ્વરૂપ છે,
છેલ્લા ત્રણ પરમેષ્ઠિ એ સ્વયં આજ્ઞારાધનસ્વરૂપ છે.
તેમને નમસ્કાર કરવાથી ચિત્તશુદ્ધિ થાય તથા શુદ્ધ
ચિત્તમાં આજ્ઞાનું વિશ્વવ્યાપીપણું પ્રતિબિંબિત થાય છે.
સચરાચર વિશ્વની સ્થિતિ એ આજ્ઞારાધન અને
આજ્ઞાના વિરાધનનું જ પ્રતિબિંબ પાડે છે, તેથી આજ્ઞાના
બે વિશેષણ : મહાનુભાવ અને મહાવિષય કહેલાં છે.

'નમો = ॐ નમો ।'

Namo is a turning point of mind
from વિભાવ to સ્વભાવ,
from body to soul,
from mind to beyond mind and
from ephermal to transcendental.

નમો મંત્ર વડે જે ધ્યાન થાય, તે આજની ભાષામાં
transcendental meditation કહી શકાય.

મંત્રના સાચા સાધકનો મનોરથ તે મંત્રાર્થની પ્રાપ્તિ છે.

મંત્ર જ્યારે ચૈતન્યના પ્રવાહમાં ભળે, ત્યારે
મંત્રચૈતન્ય પ્રગટ્યું ગણાય છે.

નવકારના જાપથી કષાયવૃત્તિ જાય છે, કેમકે
તેમાં સર્વ આત્માઓમાં રહેલ સમાનતાનું
તિર્યક્‌સામાન્યથી ધ્યાન થાય છે.

નવકારજાપથી વિષયવૃત્તિ શમે છે, કેમકે તેમાં સર્વશ્રેષ્ઠ
વિષયશુદ્ધ આત્માઓનું ઊર્ધ્વતાસામાન્યથી ધ્યાન થાય છે.

## નમસ્કાર મહામંત્ર એ મહોપકારી કઈ રીતે?

તે મહાશત્રુરૂપ મિથ્યાત્વમોહનો નાશ કરે છે તથા પરમ બાંધવરૂપ સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ કરાવી આપે છે, જે બાહ્ય વસ્તુથી શક્ય નથી, તેથી તે મહોપકારી છે.

તે દુર્ગતિરૂપી જેલ કાપી આપે છે અને સદ્ગતિરૂપ મહેલ મેળવી આપે છે, તેથી પણ પરમોપકારક છે.

'ચમત્કારથી નમસ્કાર' એ લૌકિક કહેવત છે પણ 'નમસ્કારથી ચમત્કાર' એ લોકોત્તર સત્ય છે.

નમસ્કાર એ સાધના છે.

સાધના વિના સિદ્ધિ મળતી હોય તો ૪ ગતિ હોત નહિ, કેમકે બધા સાધના કરતાં દેખાતાં નથી.

સિદ્ધિગતિ એ સાધનાનું ફળ છે.

નવકારમાં 'નમો' પદ પાંચ વાર છે, તે સૂચવે છે કે:

'નમો' પદ વિનયનું પ્રતીક છે, શોધનનું બાણ છે અને શાંતિ - તુષ્ટિ - પુષ્ટિને કરનારું છે.

અશોકવૃક્ષ નીચે નવકાર મંત્ર જાપ તત્કાળ ફળે છે.

નવ લાખ અથવા ક્રોડ નવકાર જાપની સમયાવધિ

નવકારમંત્રનો રોજ ૧૦૮નો જાપ કરનારને
૨૫ વર્ષમાં નવ લાખ મંત્રનો જાપ પૂરો થાય છે,
રોજ ૫૦૦નો જાપ કરનારને ૫ વર્ષમાં નવ લાખ મંત્ર,
રોજ ૧૦૦૦ ગણનારને ૨॥ વર્ષમાં નવ લાખ મંત્ર અને
રોજ ૫૦૦૦ ગણનારને છ માસમાં ૯ લાખ પૂરાં થાય છે
અને પાંચ વર્ષમાં તો ૧ ક્રોડ નવકાર પૂરાં થાય છે.

આ રીતિએ મંત્રચૈતન્ય પ્રગટે, ત્યારે સાધક પોતે
મંત્રમય - અક્ષર - પદ - શક્તિસ્વરૂપ બની જાય છે.

મંત્ર = અધ્યાત્મના શિખર ઉપર પહોંચવાની લાકડી.
ટોચ ઉપર પહોંચ્યા પછી લાકડીની જરૂર નહિ.

શબ્દ - મન - પ્રભુ સાથે મંત્ર ગાઢ સંબંધ ધરાવે છે.
મન અને પ્રભુ વચ્ચે અવિનાભાવ સંબંધ છે.

આત્મસાક્ષાત્કાર = કૈવલ્ય = નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ.

નવકાર મંત્ર એક અમૂલ્ય - બહુમૂલ્ય સાધન છે,
આત્મસાક્ષાત્કાર કરવા કાજે મનને તૈયાર કરવા માટે.

## નવકાર મંત્રમાં સર્વનો સમાવેશ

જેમ રીતે સમુદ્રમાં સર્વ નદીઓના જળનો સમાવેશ છે,
સૂર્યના તેજમાં સર્વ તેજનો સમૂહ છે,
એ રીતે આ નવકાર મંત્રમાં સર્વનો સમાવેશ છે.
જેમ કે દ્વાદશાંગ સૂત્ર, ચૌદ પૂર્વ,
બીજાક્ષર, મંત્રાક્ષર તથા પિંડાક્ષર -
એમ સર્વનો પિંડ આ નવકાર મંત્ર જ છે.

## નવકાર મંત્રના પ્રથમ પદનું ધ્યાન એ કર્તવ્ય કેમ?

અરિહંત એટલે કોણ ?
અખિલ લોકાધીશ, સકલ લોકસામ્રાજ્યાધિપતિ,
સ્વભાવ મહાસત્તાધિ સિદ્ધ, મહાસિદ્ધ, પરમસિદ્ધ,
અનંત અનુગ્રહકર્તા અરિહંત છે.
એ માટે પ્રથમ પદનું પદસ્થ, પિંડસ્થાદિ ધ્યાન કર્તવ્ય છે.

## નવકારના પ્રથમ પદ ઉપર ધ્યાન શા માટે?

પ્રથમ પદના વાચ્ય એવા અરિહંત પરમાત્માના
દ્રવ્ય, ગુણ, પર્યાયનું ચિન્તન દીર્ઘકાળ સુધી થઈ શકે છે.

## નવકાર મંત્ર એ જ મહાયોગ

જાપ કરતા ધ્યાનમાં અને ધ્યાન કરતા
લયમાં લઈ જનાર નવકાર મંત્ર એ જ મહાયોગ છે.
'નવકારમાં આત્માને જોવો' સરલ
આત્માને, આત્મા વડે, આત્મામાં જોવો.
અસંખ્ય યોગોમાં નવકાર એ જ યોગ છે,
એમ નહિ પણ અસંખ્ય યોગમય નવકાર પોતે છે.
નવકાર પરની પ્રીતિ-ભક્તિ ૧૨ ભાવનાઓથી જન્મતાં
વૈરાગ્યને અને ૪ ભાવનાઓથી સચવાઈ રહેતાં સ્નેહને
ટકાવી રાખે છે. નવકાર વગર વૈરાગ્ય-મૈત્ર્યાદિ ભાવો
જીવનમાં ટકાવી રાખવા અશક્ય છે. નવકારના અક્ષરો
અક્ષય એવા આત્માના જ અનાદિ-સંસિદ્ધ વર્ણો છે.

### એ જ પ્રાર્થના

ત્રણે કાળમાં સંસારસાગર તરવાનું આલંબન પંચપરમેષ્ઠિ છે.
જ્યાં સુધી સંસારમાં રહેવું પડે,
ત્યાં સુધી પંચપરમેષ્ઠિની વાસના મને ભવોભવ રહો.

ઉણાવા, સં. ૨૦૩૦, કારતક સુદી ૫, બુધવાર, ૩૧-૧૦-૭૩

વિશ્વ ઉપર સામ્રાજ્ય કોનું? નમસ્કાર મહામંત્રનું.

ભક્તિનું સૌથી સરલ અને સમર્થ સાધન
પંચ પરમેષ્ઠિ નો નમસ્કાર મંત્ર છે,
તેથી વિશ્વ ઉપર સામ્રાજ્ય નો નમસ્કાર મહામંત્રનું છે.
મુક્તિથી શ્રેષ્ઠ કોઈ વસ્તુ નથી, પરન્તુ ભક્તિને વશ
મુક્તિ હોવાથી મુક્તિ દાસી અને ભક્તિ સ્વામીની છે.
ભક્તિ વિના મુક્તિ અસંભવિત હોવાથી
વિશ્વમાં પ્રભુત્વ મુક્તિનું નહિ પણ ભક્તિનું છે.
મહામંત્રનો આરાધક રંક હોય, તો પણ રાજા છે અને
વિરાધક રાજાધિરાજ હોય, તો પણ રંક છે.
રંકને રાજા બનાવનાર અને દરિદ્રને સમ્રાટ બનાવનાર
એવા મહામંત્રને જે આ રીતે સમજીને આરાધે છે,
તે વિશ્વનો ભાવિ ચક્રવર્તી, દેવ, દેવેન્દ્ર, અહમિન્દ્રથી
ય અધિક છે અને સર્વ ભવ્ય આત્માઓને પૂજાનું
સ્થાન બને છે. જય હો શ્રી પંચમંગલમહાશ્રુતસ્કંધનો.

## 'નમો' મંત્ર વડે શું થાય છે?

(૧) સહજમનનો પ્રાસ (૨) તથાભવ્યત્વનો વિકાસ
(૩) ભવભયથી ત્રાણ (૪) ભવરોગની ચિકિત્સા
(૫) મોહવિષનો અપહાર (૬) વિષયરસથી વિમુખતા
(૭) અસહાયતાનું પ્રકટન (૮) અંતરાત્માનું સમર્પણ
(૯) સન્માનનું દાન (૧૦) પરતત્ત્વની સન્મુખતા થાય છે.

'નમો' એટલે... (૧) નમ્રતાનો ઝરો (૨) વિવેકનો દીપક
(૩) ભવબેડીનાં તાળાં તોડવાની ચાવી
(૪) શિવનગરનો માર્ગ (૫) માનસિક શાંતિનો અગ્રદૂત.

'નમો'થી પોતાની ક્ષુદ્રતા, લઘુતા, તુચ્છતા, હીનતાનાં અને પરમતત્ત્વની મહત્તા, ભવ્યતા, ઉચ્ચતા, ગુરુતા તથા સારરૂપતાનાં દર્શન થાય છે.

'નમો' અનુકૂળતાનો સંકલ્પ - પ્રતિકૂળતાનું વિસર્જન છે.

'નમો' પદથી સંરક્ષણનો વિશ્વાસ જાગે છે.

'નમવું' એટલે મસ્તક અને હાથની સાથોસાથ મન, મનના વિકલ્પો - અંતઃકરણના તરંગોને પણ નમાવવા.

## 'નમો' - બે અક્ષરની મોક્ષકૂંચી

(૧) નમો એ right-hand-path છે.
તે મુક્તિ, મુક્તિમાર્ગ, મુક્તિમાર્ગપ્રસ્થિત પ્રતિ
અનુકૂળ વર્તન-પ્રદક્ષિણા છે અને સંસાર, સંસારમાર્ગ
તથા સંસારમાર્ગસ્થિત પ્રતિ વિમુખતા છે.

(૨) નમોમાં મોહને નકાર અને મોક્ષને આવકાર છે.
વ્યક્તિને સમષ્ટિની સાથે જોડનાર તાર - wire છે.
તે ગુરુ-શિષ્ય, ભક્ત-ભગવાનને જોડનારી સાંકળ છે.

ૐ અર્હં નમઃ । પદમાં...

ૐ પદ ત્રિપદીનું સ્મરણ કરાવે છે,
અર્હં પદ ગુરુ તથા પદ્ધતિનો બોધ કરાવે છે અને
નમઃ પદ અધ્યાત્મને વિકસિત કરે છે. નમો પદ વડે
બુદ્ધિજડપણાંના એકાંત દોષને હણી જતો શબ્દ છે.

ત્રિપદીના સ્મરણથી આનંદ જાગે છે,
ગુરુ-પદ્ધતિના અનંતના સ્મરણથી આશ્ચર્ય જાગે છે અને
શરણાગતિના ભાવથી આમોદ જાગે છે.

# નમસ્કાર મહામંત્રનું મહત્વ

'નમો અરિહંતાણં ।' = Let go & let God.
મૌન = Let go અને તે નમો વડે સધાય છે.
ધ્યાન = Let God અને તે અરિહંતાણં વડે સધાય છે.
'નમો'થી 'પોતે શૂન્ય છે' એવો સ્વીકાર થાય છે.
'પોતે શૂન્ય છે' એમ સ્વીકારતાં ગર્વ ઓગળી જાય છે.
પંચપરમેષ્ઠિ = ૫ વિષયોથી વિરક્ત, ૪ કષાયોના વિજેતા.

મહામંત્રમાં સર્વ પાપનો નાશ કરવાની શક્તિ
છૂપાયેલી છે, માત્ર મનની એકાગ્રતા તેમાં સાધવી જોઈએ.
જેમ સૂર્યના કિરણોને બિલોરી કાચમાં એકત્ર કરવાથી
તેનામાં બાળવાની શક્તિ આવે છે,
તેમ મનની સઘળી શક્તિને મહામંત્રમાં કેન્દ્રિત કરાય,
તો પાપમાત્ર ભસ્મીભૂત થઈ જાય છે. મહામંત્રનો
આરાધક દુઃખમાં દીન કે સુખમાં લીન બનતો નથી.

નમસ્કાર કહે છે કે જે કોઈ મને આવકારશે,
તેના ભાગ્યમાં કોઈને નમવાનું નહિ રહે.

'નમો અરિહંતાણં |' એ પ્રથમ પદમાં
પ્રભુના ચાર અતિશયોનું પ્રણિધાન રહેલું છે.
'નમો' પદનું પ્રયોજન સહજમલનો હ્રાસ તથા
ભવ્યત્વનો પરિપાક છે, તેનો જ અનુક્રમે
પાપનાશ અને મંગળનું આગમન કહેલું છે.
'અરિ + હંતાણં |' ભાવશત્રુને હણનારા. એ મૈત્રીનો
પ્રકર્ષ છે, તેથી અપાયાપગમાતિશયનો લાભ થાય છે.
'અરિહં + તાણં |' એટલે ત્રિભુવનપૂજ્યતાને પામનારા.
એ પ્રમોદભાવનો પ્રકર્ષ સૂચવે છે.
પરગુણપ્રહર્ષથી પ્રકૃષ્ટ પુણ્યકર્મનો બંધ થાય છે,
તેથી 'ત્રિભુવનપૂજ્યતા'ની પદવી મળે છે. સમવસરણ
આદિની ઋદ્ધિ વડે તે પૂજ્યતા અભિવ્યક્ત થાય છે.
તીર્થને જેઓ હૃદયમાં ધારણ કરે છે,
તેઓ આગમથી ભાવનિક્ષેપે તીર્થંકર છે.
અરિહંતના ચારે નિક્ષેપામાં ચતુર્વિધ સંઘ,
પાંચ પરમેષ્ઠિ અને મુક્તિમાર્ગનો સમાવેશ થઈ જાય છે.

## રોજ વિચારવું કે...

'નવકાર એ પરમ ગુરુ છે, એનું દર્શન પ્રત્યેક સમ્યગ્દૃષ્ટિ જીવમાં નિત્ય થઈ રહ્યું છે. નવકારના શબ્દો મારું જ પોતાનું ચૈતન્ય છે અને તેની અચિન્ત્યશક્તિનો અભેદરૂપે અનુભવ થાય છે.'

અરિહંતોની આજ્ઞા વચનરૂપ અને જ્ઞાનરૂપ છે. પ્રભુને વચનાતિશયની પ્રાપ્તિ તે કરુણા ભાવનાનાં પ્રકર્ષનું સૂચન કરે છે અને જ્ઞાનાતિશયની પ્રાપ્તિ તે માધ્યસ્થ્ય ભાવનાનાં પ્રકર્ષનું સૂચન કરે છે. નવકાર વગર વૈરાગ્ય અને મૈત્ર્યાદિ ચારે ભાવો જીવનમાં ટકી શકવા અશક્ય છે.

નવકાર અસંખ્ય યોગમય છે.

આત્માથી, આત્મા વડે, આત્માને જોવો અને નવકારમાં આત્માને જોવો - એ એક જ છે.

જાપ દ્વારા ધ્યાનમાં અને ધ્યાન દ્વારા લયમાં લઈ જનાર શ્રી નમસ્કાર મહામંત્ર એ મુક્તિયોગ છે.

## સંસારની મંગળમયતા જણાવનાર મહામંત્ર શ્રી નવકાર

જ્યાં સુધી નવકાર વિશ્વમાં ખ્યાતિ ધરાવે છે, ત્યાં સુધી તેને આરાધનારા ભવ્ય જીવોની ભવ્યતા વિશ્વની કીર્તિની ઉજ્જ્વળતાનો ધ્વજ હંમેશા ફરકતો રાખે છે, એ કારણે પંચ પરમેષ્ઠિ નમસ્કાર રૂપી મહામંત્રનો મહિમા વિશ્વના શ્રેષ્ઠ પુરુષો, તીર્થંકરો, ગણધરો, પૂર્વધરો, શ્રુતધરો અને માર્ગાનુસારીથી માંડીને અપુનર્બંધક, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધરો, સર્વવિરતિધરો આદિ સર્વ સત્પુરુષો ગાઈ ગયાં છે, ગાઈ રહ્યા છે અને સદા કાળ ગાતાં રહેશે.

નવકાર મંત્રની આ પ્રભુતાને જાણીને જેઓ તેના શરણે રહે, તેઓ ભવસાગરને સુખે તરી જાય છે. મુક્તિ જો સર્વશ્રેષ્ઠ છે, તો મુક્તિમાર્ગ, મુક્તિમાર્ગ-પ્રસ્થિત અને એ ત્રણેને ભજનાર પણ શ્રેષ્ઠ છે. મુક્તિ જો મંગળ છે - ઉત્તમ છે - શરણભૂત છે, તો નમસ્કાર પણ મંગળ, ઉત્તમ અને શરણભૂત છે.

# મંગલ, ઉત્તમ અને શરણરૂપ નવકાર

મંગલ = ગુણપ્રકર્ષવાન, ઉત્તમ = અચિન્ત્ય શક્તિમાન,
શરણ = તેની સ્તુતિ, ભક્તિ આદિ વડે ભવભયથી
મુક્ત કરનાર. સૌથી મોટો ભય ભવભ્રમણનો છે,
ભવભ્રમણનું નિવારણ કરવાનું સામર્થ્ય
મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ પ્રસ્થિત એવા
આ પંચ પરમેષ્ઠિ ભગવંતોને કરાતો નમસ્કાર જ છે,
જે નમસ્કાર કરનારને પંચ પરમેષ્ઠિસ્વરૂપ બનાવે છે,
અરિહંતો જ નહિ પણ જેઓ પંચ પરમેષ્ઠિ સ્વરૂપને
પામ્યા છે, પામે છે અને પામવાના છે, તે બધાને
તે પરમ સ્વરૂપની પ્રાપ્તિ કરાવવામાં અસાધારણ
કારણ પંચમંગલમહાશ્રુતસ્કંધરૂપ પંચપરમેષ્ઠિ નમસ્કાર
મંત્રની આરાધના છે, તેથી તે નમસ્કાર ભવ્ય જીવોનો
પ્રાણ, ત્રાણ, શરણ, આધાર, ગતિ, મતિ અને સર્વસ્વ છે.
મુક્તિમાર્ગ મૌન અને ધ્યાનરૂપ છે,
તેનો નમસ્કાર તે મૌન અને આત્મધ્યાન દ્વારા

નમસ્કાર કરનારને જે પરંપરાએ મોક્ષ આપનાર થાય છે.
દરમ્યાન સર્વોત્કૃષ્ટ પાત્રોને સન્માન કરવા રૂપ હોવાથી
સર્વ પ્રકારના પુણ્યોમાં ઉત્કૃષ્ટ પુણ્ય બંધાવે છે.

નવકારની છેલ્લાં બે પદોની સંપદા
સંસારની ભક્તિભાવ સફળતા દર્શાવે છે.

ભક્તિ મુક્તિથી જ અધિક છે, તેથી અરિહંતના ગુણોમાં
મન જોડ્યું. અષ્ટ મહાપ્રાતિહાર્યની યુક્તિયુક્ત, ૩ ગઢવાળા
સમવસરણના મધ્યભાગમાં દેવનિર્મિત સ્વર્ણ સિંહાસન
ઉપર બિરાજીત, ૯ સુવર્ણ કમલપદપાદપદ્મને મૂકીને
ચાલનારા અને કરોડો દેવ - દેવેન્દ્રોથી પરિવરિત,
કેવળજ્ઞાનરૂપી ભાસ્કરથી સકલ લોકને પ્રકાશિત કરનારી
અને અતિશયવાળી વાણી વડે ધર્મદેશના દેનારા
એવા અને અપાયાપગમાતિશયાદિ અતિશયોથી
પરિવરેલા એ અરિહંતોનું સ્વરૂપ મન ઉપર લાવવાથી
ઈર્ષા - અસૂયા આદિ મલિન ભાવોનું વિસર્જન થાય છે
અને મૈત્રી - પ્રમોદાદિ શુભ ભાવોનું સર્જન થાય છે.

નવકારના પ્રથમ પદના જાપથી ઔદયિક ભાવનો ત્યાગ,
ક્ષય, ક્ષયોપશમ, ક્ષાયિકાદિ ભાવોનો સ્વીકાર થાય છે
અને સાધકના પારિણામિક ભાવમાં સ્થૈર્ય આવે છે.

નમો = મૌન, અરિહંતાણં = ધ્યાન.

ૐ = મૌન, અર્હં = ધ્યાન.

મૌન = પરભાવથી શૂન્ય, ધ્યાન = સ્વભાવથી પૂર્ણ.
મૌન = મન - વચન - કાયાની પુદ્ગલમાં અપ્રવૃત્તિ અને
ધ્યાન = ચિત્તવૃત્તિઓનો સંવર, અભાવ.

'નમો' વડે મૌન કેળવાય છે અને
'અરિહંતાણં |' પદ વડે વૃત્તિઓ આત્માકાર થાય છે.
આત્માકાર વૃત્તિનું જ બીજું નામ 'રૂપાતીત' ધ્યાન છે.
પિંડસ્થાદિ અન્ય ધ્યેયોનું ધ્યાન પણ તે જ છે.
પિંડસ્થાદિ અન્ય ધ્યેયોનું ધ્યાન પણ રૂપાતીત ધ્યાન
તરફ ગતિ કરવા માટે છે, આત્માકાર વૃત્તિ વખતે
જ્યારે સાધકનો દેહાધ્યાસ સંપૂર્ણપણે નષ્ટ થાય છે,
ત્યારે મરણજયપણું પ્રાપ્ત થાય છે.

'નમો અરિહંતાણં।' પદમાં 'નમો' એટલે...

સ્વકૃત દુષ્કૃતગર્હા - આશ્રવની ગર્હા અને
સ્વપર કૃત સુકૃતાનુમોદના - સંવરની અનુમોદના.
એ રીતે કરેલો એક નમસ્કાર
૧૦૦૦૦૦ લાખ નમસ્કારનું ફળ આપે છે.
પરમેષ્ઠિ નમસ્કાર એ એક એકડા ઉપર પાંચ મીંડા છે.
'આશ્રવ સર્વથા ત્યાજ્ય અને સંવર ઉપાદેય છે' એવા
શ્રી જિનેશ્વરોની આજ્ઞાનો સ્વીકાર = 'નમો' પદાર્થ.
નમો વડે દુષ્કૃતનો અનુબંધ તૂટે છે અને સુકૃતનો
અનુબંધ પડે છે, જેથી ઉત્તરોત્તર દાન આદિ ધર્મોની
વૃદ્ધિ થાય છે અને હિંસાદિ પાપોનો વિચ્છેદ થાય છે.
અરિહંતોને નમસ્કાર કરવાનું પ્રયોજન કોઈ હોય, તો
તે એક જ છે કે હિંસાદિ પાપોનું ઉન્મૂલન કરવું અને
અહિંસાદિ ધર્મો રૂપી મંગલનો લાભ કરવો.
જેમ જેમ નમસ્કારની પરિણતિ વિકસતી જાય, તેમ તેમ
પાપરુચિ ઘટતી જાય છે અને ધર્મરુચિ વધતી જાય છે.

'નમો અરિહંતાણં |' પદમાં 'અરિહંતાણં |' એટલે...

આ ૫ અક્ષરોમાં પ્રભુના ૪ અતિશયો અંતર્ગત હોય છે.

'નમસ્કાર મંત્ર સર્વ પાપનો સર્વથા નાશ કરે છે' એનો અર્થ 'પાપ હેય છે અને ધર્મ જ ઉપાદેય છે' આવી બુદ્ધિ આ નમસ્કાર મહામંત્ર પેદા કરે છે, અન્યથા પાપરહિત અને ધર્મમંગળ સહિત પુરુષોને નમસ્કાર કરવાનું બીજું શું પ્રયોજન હોઈ શકે ? નમસ્કારની વસ્તુ પંચ પરમેષ્ઠિ જ છે - બીજા નહિ, એ જ વાત એમ સાબિત કરે છે કે જેઓએ પાપને હેય માનીને તેનો સર્વથા ત્યાગ કર્યો છે અને ધર્મને ઉપાદેય માનીને તેને પરાકાષ્ઠાએ પહોંચાડ્યો છે, તેઓને બહુમાનનો વિષય બનાવ્યો એટલે તેમના પાપરહિત અવસ્થાને અને ધર્મમય અવસ્થાને જ સમજણપૂર્વક બહુમાનનો વિષય બનાવ્યો ગણાય.

એ સમજણ અને શ્રદ્ધા જ પાપના અનુબંધને નષ્ટ કરે છે અને વળી ધર્મનો ય અનુબંધ પાડે છે.

## 'નમો' એ મૃત્યુંજય મહામંત્ર છે.

'મન' એ મૃત્યુનું કારણ છે, કિન્તુ
'નમ' એ તો મૃત્યુના પણ મૃત્યુનું કારણ છે.
નમવું એટલે ભમવું, દમવું, શમવું, ગમવું, રમવું છે.
શેમાં ? અંતરાત્મભાવમાં રહીને પરમાત્મભાવમાં.

આજ સુધી બહિરાત્મભાવમાં રહેલો જીવ
'નમો' ભાવ દ્વારા અંતરાત્મભાવમાં આવે છે અને
ત્યાં રહીને 'પરમાત્મભાવ'માં જવા પ્રયાસ કરે છે.

'નમો' મંત્ર અસત્માંથી - અલ્પમાંથી - તુચ્છમાંથી
સત્માં - ભૂમામાં - વિશ્વમાં લઈ જાય છે.
નમો મંત્ર તમસ્માંથી જ્યોતિમાં લઈ જાય છે અને
મૃત્યુમાંથી અમૃત અર્થાત્ અમરપણામાં લઈ જાય છે.

અરિહંતપણું એ પ્રભુની [illegible]ભાવ અવસ્થા છે,
સિદ્ધપણું એ પ્રભુની તત્ત્વભાવ અવસ્થા છે અને
આચાર્ય - ઉપાધ્યાય - સાધુપણું એ ધર્મભાવ પ્રભુ છે.
પ્રથમ પદ વડે નમો અરિહંતાણં, અરહંતાણં, અરુહંતાણં।

એ રીતે પ્રભુની અહો અહો પ્રકારની
ભાવ - અવસ્થાને નમસ્કાર થઈ જાય છે.
નમસ્કાર કરનારને નમસ્કાર ઘણું પણ ફળે છે.
નમસ્કાર કરનાર સદા - સર્વદા
જઘન્યેથી પણ અસંખ્ય સંખ્યામાં હોય છે.
સ્વસ્તિકમાં નવકારનો જાપ કરવાથી એક સામાયિકમાં
(૧૦) માળા સુખપૂર્વક ભાવથી પણ ગણી શકાય છે.
નવકારનો દીર્ઘકાળનો જાપ એ
અર્હંના ધ્યાનની પ્રક્રિયા વિકસાવે છે તથા
નાભિ અને અર્હં ધ્વનિ - પ્રતિધ્વનિરૂપ બની જાય છે.
'નાભિ' એ Cosmic Laboratory છે, જ્યાં
અર્હંના પરમ રહસ્યો પામી શકાય છે. 'અર્હં' એ તો
વિજ્ઞાનોનું પરમ વિજ્ઞાન, કળાઓની પરમ કળા અને
શક્તિઓનો પરમ શક્તિસ્રોત છે. 'નાભિ' એ અર્હંને
અર્હં બનાવનાર પારસમણિ છે. અર્હંનો સનાતન દિવ્ય
ધ્વનિ વિશ્વમાં ચાલી રહ્યો છે, તેને ઝીલનાર 'નાભિ' છે.

૨૩ - ૭ - ૭૩, ઉણાવા (રાજસ્થાન), સં. ૨૦૨૯

નવકાર મંત્રના જાપ કરતા ગણનારના
શરીરની આજુબાજુ એવું 'આભામંડળ' સર્જાય છે કે
તેને ગણનારો મોટાં પાપ કરી શકતો જ નથી.
ગાયત્રી મંત્ર એ તેજ બુદ્ધિનો મંત્ર ગણાય છે,
તેમ નવકાર મંત્ર એ નિષ્પાપ થવાનો મંત્ર છે.
એકાદ રાતની, તો બાકીના ચારિત્રની દૃષ્ટિ અનુભવાય છે.

સુખી થવાનો સહેલામાં સહેલો રસ્તો

નમસ્કાર મંત્રજાપથી 'રાગ ઘટાવવો છે' એવી ગુંજ
જ્યારે સાધકના હૃદયમાં ઉઠે છે, ત્યારે
તે રોજ પોતાના મનમાં થર્મોમીટર મૂકે છે કે:
'રાગનો તાવ કેટલો ઓછો થયો ?'
આ અભ્યાસ ચાલુ રાખવાથી વીતરાગ પરમાત્માની કૃપા
ઉતરે છે અને રાગ ઓછો થતાં થતાં સમૂળ નાશ પામે છે.
'હે ભગવન્ ! આપની કૃપાથી મને વીતરાગતા ગમો !'
નમસ્કાર મંત્ર શુદ્ધ ચિદ્રૂપ લેખાતો મૃત્યુંજય મંત્ર છે.

નવકારનું પ્રથમ પદ અહીં 'નમો અરિહંતાણં' એ અરિહંતોને નમસ્કાર સ્વરૂપ છે એટલું જ નહિ, પરન્તુ દ્રવ્યનિક્ષેપે પાંચે પરમેષ્ઠિ પદોના નમસ્કારરૂપ છે. એમ અરિહંતનો નમસ્કાર મુખ્ય ભાવ નિક્ષેપે અને પાંચે પરમેષ્ઠિઓને નમસ્કાર રૂપ બને છે.

અરિહંતનું નામ તે નામનિક્ષેપ છે,
અરિહંતોની આકૃતિ તે સ્થાપનાનિક્ષેપ છે.
અરિહંતોનું દ્રવ્ય તે ભૂત - ભાવિ અવસ્થારૂપ છે.
અરિહંતોની ભૂતઅવસ્થા એટલે
આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની અવસ્થા છે,
અરિહંતોની ઉત્તર અવસ્થા એ સિદ્ધ અવસ્થા છે અને અરિહંતોની વર્તમાન અવસ્થા તે સમવસરણસ્થ જિનની અવસ્થા છે. તેઓ તીર્થને સ્થાપે છે, તેથી તીર્થંકર છે. 'તીર્થ' એટલે પ્રથમ ગણધર, દ્વાદશાંગી અને તેનો ધારણ કરનાર ચતુર્વિધ સંઘ, અન્ય અવિરત - મરણક્રિયા, અત્યંત અનવદ્ય એવી રક્ષાક્રિયા, તેનો ધારક સંઘ.

જ્યાં હોય નવકારનું સ્મરણ, ત્યાં હોય સત્વ.

ૐ વડે નાદશ્રવણ, અર્હં વડે જ્યોતિદર્શન.

મૌન વડે નાદશ્રવણ, ધ્યાન વડે જ્યોતિદર્શન.

'નમો' વડે નાદશ્રવણ, 'અરિહંતાણં।' વડે જ્યોતિદર્શન.

॥ ૐ અર્હં નમો અરિહંતાણં ॥

આત્માને મનની પક્કડમાંથી છોડાવવા 'નમો' પદ છે
તથા બુદ્ધિની પક્કડમાંથી છોડાવવા 'અરિહંતાણં।' પદ છે.

નમો અરિહંતાણંનું સંક્ષિપ્ત સ્વરૂપ જ 'ૐ અર્હં' છે.

'ૐ' આત્મજ્ઞાનવાચક છે તથા 'અર્હં' ત્રિગુપ્તિસૂચક છે.

એ રીતે મન અને બુદ્ધિની પક્કડમાંથી છોડાવનાર
'ૐ અર્હં' યા 'નમો અરિહંતાણં।' મંત્રનો પરામર્શ છે.

નમસ્કારનું પ્રયોજન પાપનાશ તથા મંગળનો લાભ છે.

નવકાર એ શ્રુત છે તથા શ્રુત એ શબ્દરૂપ છે.

શ્રુતોપયોગ એ ભાવસંવર યાને વિપુલ નિર્જરા અને
આત્મહિત પરિણામાદિ મહાન લાભનો હેતુ છે.

શબ્દને અર્થ સાથે તથા અર્થને ભાવ સાથે સંબંધ છે.

## સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા અને પંચપરમેષ્ઠિ

(૧) જીવદ્રવ્ય સત્ છે, માટે સતત જીવવા ઈચ્છે છે.
(૨) જીવદ્રવ્ય ચિત્ છે, માટે નવું નવું જાણવા ઈચ્છે છે.
(૩) જીવદ્રવ્ય આનંદ છે, માટે સુખને સદા ઝંખે છે.
(૪) જીવદ્રવ્ય સ્વતંત્ર છે, માટે સ્વાધીનતાને ઈચ્છે છે.
(૫) જીવદ્રવ્ય પરમૈશ્વર્ય યુક્ત છે, માટે આ જગતના બધા જીવો ઉપરનું સ્વસ્વામિત્વ ચાહે છે.

સતરૂપ સાધુ, ચિતરૂપ ઉપાધ્યાય, આનંદરૂપ આચાર્ય, સ્વાતંત્ર્યરૂપ સિદ્ધ અને જીવ ઐશ્વર્યરૂપ અરિહંત છે.

સ્થૂલ શરીરનું પ્રતિબિંબ મેરૂરૂપ,
અંદર રહેલ ભાવનાઓનું પ્રતિબિંબ અક્ષરરૂપ અને
આત્માનું પ્રતિબિંબ નવકાર મંત્રમાં પડી રહ્યું છે.

નવકારના ૬૮ અક્ષરો અક્ષય એવા
આપણા આત્માના જ અનાદિસંસિદ્ધ વર્ણો છે.

o

*It is a diagram of eternal Soul.*

# નવકાર અને નવરસની સમીક્ષા

આ સંસારમાં દુઃખ છે. તે દુઃખનાં મુખ્ય કારણ છે:
અજ્ઞાન, અવિરતિ, કષાય, પ્રમાદ, મિથ્યાત્વાદિ.
તેના ઉપર વિજય પ્રાપ્ત કરાવનાર ગુણો પણ છે:
જ્ઞાન, વિરતિ, અકષાય, અપ્રમાદ, સમ્યક્ત્વાદિ.

દુઃખના કારણે આ સંસાર કરૂણ છે,
અજ્ઞાનના કારણે આ સંસાર ભયાનક છે,
અવિરતિના કારણે આ સંસાર બીભત્સ છે,
પ્રમાદના કારણે આ સંસાર હાસ્યાસ્પદ છે,
કષાયના કારણે આ સંસાર રૌદ્ર છે,
મિથ્યાત્વના કારણે આ સંસાર પાપમય છે,
તે બધાનો વિજય પ્રાપ્ત કરાવનાર નવકાર જ છે.

તેની અપૂર્વ પ્રાપ્તિ નિરંતર તૃપ્તિ, વિસ્મય, પ્રીતિ છે. તેમાં વિઘ્નના હેતુઓ તરફ રોષ, ભાવશૂન્ય અવસ્થા પ્રત્યે ઘૃણા, બહિરાત્મભાવ ઉપર હાસ્ય, દીન-હીન સ્થિતિ ઉપર કરૂણા તથા વિઘ્નવિજય કરવાનો ઉત્સાહ છે.

## એ નિયમ છે કે...

દ્રવ્ય-ગુણ-પર્યાયથી આત્માનું જ્ઞાન, શ્રદ્ધાન અને રમણતા એ જ સાધના અને એ સાધના વડે પરમેષ્ઠિપદની પ્રાપ્તિ થઈ, તેથી અરિહંતાદિના નમસ્કારમાં દોષો પ્રત્યે હેયબુદ્ધિ, ગુણો પ્રત્યે ઉપાદેયબુદ્ધિ અને આત્માનું જ જ્ઞાન, શ્રદ્ધાન તથા રમણતામાં ઇષ્ટબુદ્ધિ ઉત્પન્ન થઈ. તે ત્રણે વસ્તુઓની પ્રાપ્તિ નમસ્કાર કરનારમાં થાય.

'નમો' વડે દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને શરણાગમન થઈ, જેને નમવામાં આવે છે, તે દોષમુક્ત, ગુણયુક્ત અને સ્વદ્રવ્યગુણપર્યાયમાં રમણતાવાળા હોવાથી આત્માની કષાયકલુષ ભાંગે છે, વિષયતૃષ્ણા છીપે છે અને ભવદારિદ્ર્ય નાશ પામે છે.

નવકારમાં જેને નમસ્કાર કરવામાં આવે છે, તેઓ સર્વજ્ઞ, પાપમુક્ત છે, સર્વોત્કૃષ્ટ પુણ્યના સ્વામી છે અને શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ પરમમંગળને વરેલા છે, તેથી નમસ્કાર વડે એક સાથે ત્રણેનો લાભ થાય છે.

જગતનું રક્ષણ કરતા નવકાર એ સર્વશિરોમણિ મંત્ર છે.
જગરક્ષણ ૩ વસ્તુથી થાય : અહિંસા, સંયમ અને તપ.

આ નવકાર મંત્રમાં એ ત્રણેની પ્રશંસા અને
એ ત્રણે ધારણ કરનારની પૂજા થાય છે.

પૂજા એ દ્રવ્યસંકોચ છે અને પ્રશંસા એ ભાવસંકોચ છે.
દ્રવ્ય - ભાવસંકોચ એ નમસ્કારનો અર્થ છે.

નમસ્કાર વડે અહિંસા - સંયમ - તપની પ્રશંસા તથા
અહિંસક, સંયમી અને તપસ્વીઓની પૂજા થાય છે.
નમસ્કારનો સંક્ષિપ્ત અર્થ પૂજા અને પ્રશંસા છે. નવકાર
મંત્ર વડે ધર્મીઓની પૂજા અને ધર્મની પ્રશંસા થાય છે.
નવકાર એ Cosmic mission છે. Ultimate
purpose of the cosmosનું પ્રતીક નવકાર છે.
It is the mantra of Nature and
the Nature is the
noble mission of Namaskar,
hence both are one & the same.

નમો અરિહંતાણં = સમતારસમણસાગરનું પ્રવેશદ્વાર.

'નમો' એ મનનું શીર્ષાસન છે, તો
'અરિહંતાણં' મનનું શવાસન છે.
'નમો' એ મનનું મૌન છે, તો
'અરિહંતાણં' આત્માનું ધ્યાન છે.
'નમો' એ અનાહત નાદ છે, તો
'અરિહંતાણં' આત્મજ્યોતિ છે.
'નમો' એ શૂન્યતા છે, તો
'અરિહંતાણં' પૂર્ણતા છે.
'નમો' એ અંતરાત્મભાવ છે, તો
'અરિહંતાણં' પરમાત્મભાવ છે.
'નમો' એ મોહને નકાર છે, તો
'અરિહંતાણં' મોક્ષને આવકાર છે.
'નમો' એ પ્રકૃતિનો અધિકારનિવૃત્ત છે, તો
'અરિહંતાણં' પુરુષનો અધિકારપ્રવૃત્ત છે.

નવકાર = દ્વાદશાંગનો સાર અને ચૌદ પૂર્વનો ઉદ્ધાર.

## નવકારમાં પાપનાશક તરીકે કોને કહેલ છે?

સ્વર્ગાપવર્ગફલદઃ વીતરાગઃ ।

એ ઉક્તિમાં પ્રશસ્ત પરિણામ અને પ્રશસ્ત પ્રવૃત્તિમાં
શ્રી વીતરાગ અને તેમનું શાસન પુષ્ટાલંબન હોવાથી
નિમિત્તકર્તા બને છે, ઉપાદાનકર્તા આત્મા પોતે છે,
તેથી જ શ્રી નમસ્કાર મહામંત્રમાં
પાપનાશક તરીકે પંચ નમસ્કાર રૂપી ધર્મને કહેલ છે.
મુખ્ય કર્તા નમસ્કારકારક પ્રશસ્તાત્મા છે અને
નિમિત્તકર્તા તરીકે અરિહંતાદિ પાંચ દિવ્ય વસ્તુઓ છે.
જગતને પરમ પ્રકાશ આપનાર નવકાર જેવી
કોઈ પરમ જ્યોતિ જગતમાં ત્રણે કાળમાં નથી.
નમસ્કાર કરનાર જીવો બહુ નમસ્કરણીય છે.
શરીરના સ્નાયુઓ જેમ શવાસનથી શિથિલ બનીને
આરામ મેળવે છે, તેમ નમો એ મનનું શવાસન છે.
'નમો' વડે મન નિઃશબ્દ બની જાય છે અને
નિઃશબ્દ મન એ પરમ શાંતિનું કેન્દ્ર છે.

'નમો અરિહંતાણં |' મંત્ર ચિત્તપ્રસાદ જન્માવી
મનનો આત્મામાં લય કરી આપનાર સમર્થકારી મંત્ર છે.
'આત્માકાર મનઃ |' એ રૂપાતીત ધ્યાન છે.
'નમો અરિહંતાણં |' એ નિસર્ગનું દિવ્ય અનાહત સંગીત છે,
વિશ્વની સનાતન જ્યોતિ છે અને આત્મસ્વભાવની જ
અભિવ્યક્તિ છે. આ અનાહત નાદ તથા અખંડ જ્યોતિમાં
જીવ, જગત અને જગદીશની સમાપત્તિ રહેલી છે.
આ મંત્ર પરમપદની પ્રાપ્તિનું અમોઘ સાધન છે.

'નમો અરિહંતાણં |' મંત્ર એ
સત્, ચિત્, આનંદમય આત્માને પામવાનો મંત્ર છે.
'નમો' ભાવ સનાતન છે, તેથી સત્ છે,
'અરિહંત' પદ એ સવિતા છે, તેથી ચિત્ છે અને
'તાણં' પદ શરણાગતિવાચક છે અને શરણાગતિ
એ જ આત્મા અને પરમાત્માનો અભેદ સાધનાર
લોકોત્તર આનંદ છે. એ રીતે સન્મય, ચિન્મય અને
આનંદમય પદની પ્રાપ્તિ કરાવનાર આ મંત્ર પદ છે.

નમસ્કાર મંત્ર જીવને આકિંચન્ય બનાવે છે.

જેમ આંખ પોતાના દોષને સહી શકતી નથી અને
પોતા સિવાય બાકી સૌને જોવાનું સામર્થ્ય ધરાવે છે,
તેમ ભાવનમસ્કારવાન પુરુષ પોતાના નાના પણ
દોષને સહી શકતો નથી અને જ્યાં સુધી દોષ ન જાય,
ત્યાં સુધી તેને ટાળવા માટે સદા ય તત્પર રહે છે.
નમસ્કાર મંત્ર ગણનાર સાધક બાકી બધાના ગુણ
જોઈ શકે છે પણ પોતાના ગુણ જોઈ શકતો નથી,
એવો એનો સહજ સ્વભાવ બને છે.

આંખની જેમ તે પોતાના આશ્રયદાતા - ગુણદાતા જે કોઈ
હોય, તેનો આશ્રય કદી છોડતો નથી. આ નમ્રતાગુણની
વિશેષતા છે, તેથી 'નમ ઇતિ રૂપં |' વિશેષણ આપ્યું છે.
નમ્રતા જ ઊંચી છે. તેની જ હું ઉપાસના કરું છું.
નવકારમાં નામસ્મરણ દ્વારા સૌથી પહેલાં અને
સૌથી વધારે અપેક્ષા નમ્રતાપ્રાપ્તિની છે,
તે વાતને જ 'નમો' શબ્દ કહી રહ્યો છે.

નવકાર મંત્રમાં 'નમો' પદ વડે પુદ્ગલમાં પ્રવૃત્તિરૂપ મોહ નિષેધ થાય છે, શુદ્ધાત્મામાં પ્રવૃત્તિરૂપ ધ્યાન થાય છે અને શુદ્ધાત્માઓને નમસ્કારાત્મક ઉપયોગ રહી એ ઉપયોગથી અભિન્ન એવા આત્માનું જ્ઞાન થાય છે.

મલદોષના નિવારણ માટેનો ક્રિયાયોગ,
વિક્ષેપદોષના નિવારણ માટેનો ભક્તિયોગ અને
આવરણભંગ કરાવનાર જ્ઞાનયોગ -
એમ આ ત્રણે યોગોની આરાધના નવકારથી થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રનું પ્રયોજન
સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામને વિકસાવવો તે છે.

મહામંત્ર વડે જેઓનું બહુમાનપૂર્વક સ્મરણ થાય છે,
તે પરમેષ્ઠિઓ મૈત્ર્યાદિ ભાવે ભાવિત થયેલાં છે
અને અતિશયોને ધારણ કરનારા થયાં છે,
તેથી તેમને કરેલો નમસ્કાર સહજપણે
સમસ્ત જીવરાશિ પ્રત્યે સ્નેહભાવને વિકસાવે છે,
જે પાપરૂચિને નષ્ટ અને પુણ્યરૂચિને પેદા કરે છે.

## મહામંત્ર શ્રી નવકારના એક લાખ જાપ

यो लक्षं जिनबद्धलक्ष्यसुमनाः सुव्यक्तवर्णक्रियम्,
श्रद्धावान् विजितेन्द्रियो भवहरं मंत्रं जपेत् श्रावकः ।
पुष्पैः श्वेतसुगंधिभिश्च विधिना लक्षप्रमाणैर्जिनं,
यः संपूजयते स विश्वमहितः श्री तीर्थराजो भवेत् ॥

અર્થ: શ્રી જિનેશ્વર ભગવંત પ્રતિ લક્ષ્ય જેણે કર્યું છે, તથા જિતેન્દ્રિય, શ્રદ્ધાળુ, શરીર-વસ્ત્રની પવિત્રતા તથા મનની એકાગ્રતાપૂર્વક પૂજાની અન્ય સામગ્રી સહિત શ્રી જિનેશ્વરની પૂજા કરી, સર્વ પ્રકારના ભયનાશક મહામંત્ર શ્રી નવકારને સુસ્પષ્ટ વર્ણોચ્ચારપૂર્વક એક લાખની સંખ્યાનો જાપ કરવાવાળો ભવ્ય આત્મા સમગ્ર સંસારને પૂજ્ય તથા શ્રી તીર્થંકર પદને પ્રાપ્ત કરે છે.

'આરાધના' એટલે આધીનતા,
તેના હુકમે વર્તવાનું, તેની આણા બહાર ન જવાનું.

દર્શનાદિ ચારના ઉદ્દેશથી
અરિહંતાદિ પાંચને નમે, તે 'આરાધક' કહેવાય.

'નમો' પદ એટલે મનનું નમન.
મનનું નમન એટલે મનમાં રહેલ
ઈર્ષા, અસૂયા, ક્રોધ, દ્રોહ આદિ અસદ્‌વૃત્તિઓનો ત્યાગ.
સૌથી મુશ્કેલ ત્યાગ કોઈનો પણ હોય,
તો તે આ અસદ્‌વૃત્તિઓનો ત્યાગ છે, જે અત્યંત સૂક્ષ્મ
હોવાથી સૂક્ષ્મ પ્રયત્ન વડે જ તે થઈ શકે તેમ છે.
'પોતે બાળ અવિકસિત જીવ કરતાં અધિક છે'
એવી વૃત્તિ જ્યારે અંદરથી નીકળી જાય,
ત્યારે જ તે ત્યાગ સક્રિય બને છે.
જ્યારે શ્રદ્ધાના વિષયમાં દૃઢ બને છે,
ત્યારે તે નમસ્કારભાવ સાર્થક થાય છે.
અરિહંતોને નમસ્કાર પણ નિમ્નમાં રહેલાં
આ નમનભાવને ઉદ્દેશીને જ કરવાનો હોય છે.
નમોમાં ન્યાય, પ્રેમ અને પ્રભુની દયાનો સ્વીકાર છે.
દુષ્કૃતગર્હા ન્યાયસૂચક છે, સુકૃતાનુમોદના પ્રેમસૂચક છે
અને શરણાગમન પ્રભુની દયાસૂચક છે.

'નમો' પદ કહે છે કે:

સાંભળો અધિક નહિ પણ ધ્યાન આપો,
માનો અધિક નહિ પણ સમજો, શોધો અધિક નહિ પણ પામો.

નમો ધ્યાનવાચક - સમજવાચક - પ્રાપ્તિવાચક બને,
ત્યારે જ તે સાર્થક - અન્વર્થક શબ્દ છે.

'નમો' પદનો પ્રધાન સૂર એ છે કે:

અરિહંતનું ધ્યાન ધરો, અરિહંતને સમજો, અરિહંતને પામો.

પ્રેમ એક સમગ્રતા છે, તેથી પ્રેમ એ સમગ્રતા સાથે
પરિસ્થિતિ સામે ઊભા રહેવાની પ્રચંડ તાકાત આપે છે.
પ્રેમની વાત જુદી અને પ્રેમનો અનુભવ જુદી વસ્તુ છે.
એક ચિત્રનો સ્વરૂપ છે, બીજો હકીકતનો સ્વરૂપ છે.

વ્યક્તિમાંથી સમષ્ટિમાં જવું,
એ જ સાચા માનવી બનવાની ચાવી છે.

સાંભળનારા અને માનનારાને બદલે
ધ્યાન આપનારા અને સમજનારા વધવા જોઈએ.
વ્યક્તિ મટીને માનવી બનવાનો એક જ એ માર્ગ છે.

'નમો અરિહંતાણં'થી
જીવો પ્રત્યે અરિભાવને દૂર કરી
મૈત્રી, પ્રમોદ અને કારુણ્યભાવ કેળવી
પરમૌદાસિન્ય ભાવમાં આરૂઢ થઈ અનુક્રમે
અપાયાપગમાતિશય આદિ અતિશયોના સ્વામી અને
વિશ્વોદ્ધારક એવા તીર્થંકર પદને પ્રાપ્ત ત્રિકાળના
સર્વ જિનેશ્વરોને મારા ભાવથી નમસ્કાર હોજો.
'ભાવ'થી અર્થાત્ જે પદ તેમણે પ્રાપ્ત કર્યું,
તે પદને પ્રાપ્ત કરવાની અભિલાષાથી નમસ્કાર.
'નમો' પદ વડે જેમને નમસ્કાર કરાય છે,
તેમની પૂજા - તેમણે આરાધેલા ધર્મની પ્રશંસા થાય છે.
જેનું મન ધર્મને વિષે નિરંતર વસે છે,
તેને દેવો પણ નમસ્કાર કરે છે.
કર્મકષાયરૂપી પર્વતોને ભેદનાર, સર્વ વસ્તુઓના જ્ઞાતા
અને મોક્ષમાર્ગને સ્થાપનાર પ્રથમ પરમેષ્ઠિને તે પદની
પ્રાપ્તિ માટે નમસ્કાર છે, માટે તે ભાવનમસ્કાર છે.

## નમસ્કાર વડે શું મળે ? શું નષ્ટ થાય ?

'નમો અરિહંતાણં' એ
નમ્રતા અને નિર્ભયતા કેળવવાનો મહામંત્ર છે.
નમસ્કાર વડે મિથ્યાત્વ - અજ્ઞાનાદિ પાપો નાશ પામે છે
અને સમ્યક્ત્વ, જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત થાય છે, તેમ
હિંસાદિ, વિષય - કષાયાદિ દોષો નાશ પામીને
અહિંસા, સંયમ અને તપાદિ પ્રાપ્ત થાય છે, તેમ
આત્માનું હિત, શ્રેય અને કલ્યાણ થાય છે.
નવકાર ગણીને આપણે નવકાર રૂપ બનવાનું છે.
જેને નમીએ છીએ, તેમના જેવા બનીએ છીએ.
એ કારણે સદ્ગુણી - સદાચારી - પવિત્ર આત્માઓને
સદા નમસ્કાર કરવા, એ આપણું કર્તવ્ય કરે છે.

## 'નમો'ની શબ્દશક્તિ

'નમો' શબ્દ નિઃશબ્દમાં લઈ જાય છે તથા તે
શબ્દાતીત અવસ્થામાં લઈ જવા માટેનું નૈપાતિક પદ છે,
વચનમાંથી અવચન તરફ પ્રયાણ કરાવનાર શબ્દશક્તિ છે.

'નમો અરિહંતાણં' પદનો સંપૂર્ણ અર્થ આ છે કે:

અરિહંત પરમાત્માની આજ્ઞાનુસાર હું દુષ્કૃતગર્હા કરું છું, હું સુકૃત અનુમોદના કરું છું અને શુદ્ધ આત્મતત્ત્વને શરણે જાઉં છું. આ ભાવપૂર્વક હું અરિહંતોને નમું છું, એમાં અરિહંતોએ પ્રકાશેલા ધર્મની પ્રશંસા અને દુષ્કૃતગર્હા આદિ વડે અરિહંતોની ભાવથી પૂજા છે.

પ્રકાશક જ્ઞાન અને શ્રેયોત્પાદક ક્રિયા

ધર્મ એ મંગલ છે. ધર્મ મંગલ બે પ્રકારનું છે:

એક ક્રિયારૂપ, બીજું જ્ઞાનરૂપ.

જ્ઞાનરૂપ મંગલ વિના એકલું ક્રિયારૂપ મંગલ કે ક્રિયારૂપ મંગલ વિના એકલું જ્ઞાનરૂપ મંગલ મોક્ષમાર્ગ બની શકતું નથી.

દેવ, ગુરુ અને ધર્મરૂપી તત્ત્વત્રયી ઉપાસ્ય છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી તત્ત્વત્રયી સેવ્ય છે.

ઉપાસ્યતત્ત્વની ઉપાસના નમસ્કાર શ્રુતરૂપી મંગલથી થાય છે, તેથી તે જ્ઞાનસ્વરૂપ છે.

નમસ્કાર મહામંત્ર પદ ૐ સં. ૨૦૧૨, આસો સુદ ૧૫


ગણજો મંત્ર ભલો નવકાર,
એની સિદ્ધિનો નહિ પાર;
એના સમરણથી સુખ થાય, એના ગણવાથી દુઃખ જાય ...૧
સુખમાં ગણજો, દુઃખમાં ગણજો, મરતાં પ્રેમથી સુણજો;
ત્રિકરણ યોગે સદા એ ગણજો, અવિચળ સુખડાં વરજો ...૨
દેવો ગણતાં, દાનવ ગણતાં, ગણતાં રંક ને રાય;
યોગી - ભોગી ધ્યાને સમરી, મુક્તિપુરીમાં જાય ...૩
મહિમાવંતો જગ જયવંતો, મંગળને કરનાર;
શક્તિવંતો કર્મ ચુરંતો, દેવગતિ દાતાર ...૪
મંત્ર શિરોમણિ ભાવથી ગણતાં, કંઈ તર્યા નર-નાર;
પશુઓ તે તિર્યંચો સુણતાં, વર્યા દેવ અવતાર ...૫
અડસઠ અક્ષર ધ્યાને સમરી, સંપદ આઠ વિચાર;
નવપદ એના હૃદયે ધારી, શિવસુખનો આધાર ...૬
સર્વ અક્ષર દેહ મહિમાવંતા, સંકટ સહુ હરનાર;
પંચ પરમેષ્ઠિ ભાવે નમતાં, ઉતારે ભવપાર ...૭

નવકાર કેરો અર્થ અનંતો, શ્રી અરિહાએ ભાખ્યો;
ચૌદ પૂર્વનો સારસ્વરૂપે, સૂત્ર શિરોમણિ દાખ્યો ...૮
ભણતાં - ગણતાં નિર્જરા થાયે, પાપપડલ દૂર જાવે;
આત્મા અરિહા સમાપે આવે, અક્ષયપદને પાવે ...૯

૨૦૨૬, ભાદરવા સુદ - ૯

## દિવ્ય સહાયક નવકાર

કલ્પતરૂ છે જૈન ધર્મનો, મંત્ર મહાનવકાર,
નાશ કરે તે અષ્ટ કર્મનો, અષ્ટસિદ્ધિ દાતાર ...૧
શાશ્વત મંત્ર એ શ્રુતશિરોમણિ, મંત્રમાંહી શિરતાજ,
પંચ પરમેષ્ઠિ તારક જગમણિ, વ્યાપક ચૌદહ રાજ ...૨
મહીમાવંતા આ ઉપકારી, જુગજુગથી પૂજાય,
શક્તિ અનંતી તારણહારી, ગણતાં પાપ પલાય ...૩
અર્થથી ગંભીર સિદ્ધિદાયક, અનંત સુખ દેનાર,
મુક્તિમાર્ગમાં એક સહાયક, મંગળને કરનાર ...૪
સદ્ગુરૂ એકને નિત્ય સુહાવે, સહુનો પરમ આધાર,
વાંછિત આપે - દુઃખડાં કાપે, સ્થાપે મુક્તિ મોઝાર ...૫



નવકાર મહામંત્ર કહે છે કે : જે કોઈ મને જપશે,
તેને પછી અન્ય કોઈને નમવાનું નહીં રહે. નમનનો આનંદ રહસ્યપૂર્ણ છે.
પછી તમને માત્ર આપવાનું મન થશે. સૃષ્ટિની ઉદારતા આપણામાં પ્રવેશશે.




નવકાર રૂપી એક બીજ આત્મભૂમિમાં વાવશું,
તો હજાર બી પરત આપશે... પણ શૂન્ય વાવીશું,
તો એનાથી હજારગણાં શૂન્ય જ પરત મળશે. સૃષ્ટિનું ગણિત સરળ છે.

www.fiestadesigns.in